અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ઓક્ટોબર ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૪ | અંક : ૧૦૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## બંને દેશના વડાએ આજે મુંબઈમાં બેઠક યોજી જાહેરાત કરી

# નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટી હવે ભારતમાં કેમ્પસ ખોલશે

### યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટનનું ગુરુગ્રામ ખાતે પ્રથમ કેમ્પસનું ઉદ્‌ઘાટન થઈ ચૂક્યું છે, જેમાં ઘણા બધા વિદ્યાર્થીઓએ એડમિશન પણ લીધા છે

। નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે આજે બંને દેશો વચ્ચેના શૈક્ષણિક સંબંધોને વધુ ગાઢ બનાવતાં ઐતિહાસિક પગલું લીધુ છે. બંને દેશના વડાએ આજે મુંબઈમાં બેઠક યોજી જાહેરાત કરી છે કે, યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન સહિત નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ ખોલશે. યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટનનું ગુરુગ્રામ ખાતે પ્રથમ કેમ્પસનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું છે, જેમાં વિદ્યાર્થીઓએ એડમિશન પણ લીધા છે. આ પહેલ ભારત-યુકે શૈક્ષણિક સહયોગમાં એક મહત્વપૂર્ણ પગલું છે અને ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત છે. તેનો ઉદ્દેશ ભારતીય વિદ્યાર્થીઓને દેશ છોડ્યા વિના વતનમાં જ વિશ્વસ્તરીય શિક્ષણની સુવિધા પૂરી પાડવાનો છે. તેમજ ઈનોવેશન અને કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે સહયોગી રિસર્ચ અને શૈક્ષણિક-ઉદ્યોગ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. યુકેની પાંચ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીએ ભારતના મુખ્ય શહેરોમાં કેમ્પસ સ્થાપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સાઉથમ્પ્ટન ઉપરાંત, યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલે મુંબઈમાં એક નવું એન્ટરપ્રાઈઝ કેમ્પસ ખોલવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળી છે.



### આ પાંચ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ ખોલશે

૧. યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન - ગુરુગ્રામ (કેમ્પસ પહેલાંથી જ કાર્યરત)
૨. યુનિવર્સિટી ઓફ લિવરપૂલ - બેંગ્લોર
૩. યુનિવર્સિટી ઓફ યોર્ક - મુંબઈ
૪. યુનિવર્સિટી ઓફ એબરડીન - મુંબઈ
૫. યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલ - મુંબઈ

બ્રિટિશ PM કીર સ્ટાર્મર આઠ અને નવ ઓક્ટોબરની બે દિવસીય ભારત મુલાકાતે છે. આ તેમની વડાપ્રધાન પદે ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે. બે દિવસીય પ્રવાસ દરમિયાન બંને નેતાઓએ વિઝન ૨૦૩૫ રોડમેપ હેઠળ ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના વિકાસની સમીક્ષા કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### મધ્યપ્રદેશમાં જીવલેણ કફ સિરપ વધુ બે ભૂલકાંને ભરખી ગઈ



। ભોપાલ, તા.૯ ।

મધ્યપ્રદેશમાં દૂષિત કોલ્ડ્રિફ કફ સિરપ (Coldrif Cough Syrup)ની દુર્ઘટના હજુ પણ યથાવત્ છે. જેમાં કિડનીમાં સંક્રમણને કારણે વધુ બે માસૂમ બાળકોનાં મોત થતાં, રાજ્યમાં આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા વધીને ૨૨ થઈ ગઈ છે. ગુરુવારે છિંદવાડાના એડિશનલ કલેક્ટર ધીરેન્દ્ર સિંહ નેત્રીએ આ મૃત્યુઆંકની પુષ્ટિ કરી. એડિશનલ કલેક્ટરે જણાવ્યું કે, છિંદવાડાના પરાસિયા કસબાના રહેવાસી બે બાળકો – ૫ વર્ષના વિશાલ (બુધવારે સાંજે) અને ૪ વર્ષના મયંક સૂર્યવંશી (મોડી રાત્રે)નું નાગપુરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું. આ સાથે, મૃત્યુ પામનારા બાળકોની સંખ્યા હવે ૨૨ થઈ ગઈ છે. મધ્યપ્રદેશ પોલીસે આ મોતના કેસની તપાસ માટે SITની રચના કરીને, તમિલનાડુ સ્થિત કોલ્ડ્રિફના નિર્માતા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. પરાસિયાના SDOP જિતેન્દ્ર સિંહ જાટે જણાવ્યું કે, SITએ ગુરુવારે ભેળસેળયુક્ત કફ સિરપ મામલે તમિલનાડુની શ્રીસન ફાર્માના માલિક રંગનાથન ગોવિંદનની ચેન્નઈમાંથી ધરપકડ કરી છે.

### દરેક પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપીશું

। પટના, તા.૯ ।

આરજેડી નેતા તેજસ્વી યાદવે મોટી જાહેરાત કરતાં કહ્યું છે કે સરકાર બનાવીશું તો બિહારના દરેક પરિવારને સરકારી નોકરી આપવામાં આવશે. તેમની આ જાહેરાત બિહારમાં વિધાનસભા ચૂંટણી વચ્ચે કરી છે. તેમણે જણાવ્યું હતું કે બિહારમાં જે પણ પરિવાર પાસે સરકારી નોકરી નથી તેમને નવા કાયદા દ્વારા નોકરી આપવાનું ફરજિયાત બનાવવામાં આવશે. સરકાર બનાવ્યાના વીસ દિવસની અંદર એક કાયદો લાગુ કરવામાં આવશે અને વીસ મહિનાની અંદર બિહારમાં એક પણ ઘર સરકારી નોકરી વગરનું રહેશે નહીં. તેજસ્વી યાદવે વધુમાં નીતિશ સરકાર સામે પ્રહાર કરતાં કહ્યું કે આ શક્ય છે. તેના માટે ઈચ્છાશક્તિની જરૂર છે. ૨૦ વર્ષથી રાજ્યમાં જેમની સરકાર છે.

## બ્રિટનથી આવશે મિસાઈલો

# પીએમ મોદી અને બ્રિટિશ પીએમ વચ્ચે થઈ ૩૮૮૪ કરોડની ડિલ

### આ કરાર અંતર્ગત બ્રિટન ઇન્ડિયન આર્મીને હળવા વજનવાળી મલ્ટીરોલ મિસાઈલ સપ્લાય કરશે

। નવી દિલ્હી, તા.૯ ।

ભારત અને બ્રિટનની વચ્ચે મોટી રક્ષા ડીલ થઈ છે. મુંબઈમાં પ્રધાનમંત્રી મોદી અને બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મરની મુલાકાત દરમિયાન બંને દેશોએ ૪૬૮ મિલિયન ડોલર (લગભગ ૩૮૮૪ કરોડ રૂપિયા)ની ડિફેન્સ ડીલ પર સહમતિ થઈ છે. આ કરાર અંતર્ગત બ્રિટન ઈન્ડિયન આર્મીને હળવા વજનવાળી મલ્ટીરોલ મિસાઈલ સપ્લાય કરશે. થેલ્સની કંપની આ મિસાઈલ બનાવે છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર, બ્રિટિશ સરકારે પોતાની ડિફેન્સ ઈન્ડસ્ટ્રી અને ભારત સાથે ગાઢ સામરિક સંબંધો માટે ઐતિહાસિક વળાંક ગણાવ્યો છે. આ મિસાઈલો બ્રિટિશ કંપની થેલ્સ દ્વારા ઉત્તરી આયર્લેન્ડમાં બનાવવામાં આવશે. બ્રિટિશ સરકારનું કહેવું છે કે આ ડીલથી લગભગ ૭૦૦ બ્રિટિશ નોકરીઓ સુરક્ષિત રહેશે. જે હાલમાં યુક્રેનને હથિયાર સપ્લાય કરનારા આ સંયંત્રમાં કામ કરે છે. બ્રિટિશ સરકારે પોતાના નિવેદનમાં કહ્યું કે, આ ડીલ ભારત અને બ્રિટન વચ્ચે કોમ્પ્લેક્સ વેપન્સ પાર્ટનરશિપની દિશામાં મોટું પગલું છે, જેના પર બંને દેશ વાતચીત કરી રહ્યા છે.

**હાલમાં યુક્રેનને હથિયાર સપ્લાય કરનારા આ સંયંત્રમાં કામ કરે છે.**

બ્રિટિશ સરકારનું કહેવું છે કે આ ડીલથી લગભગ ૭૦૦ બ્રિટિશ નોકરીઓ સુરક્ષિત રહેશે. જે હાલમાં યુક્રેનને હથિયાર સપ્લાય કરનારા આ સંયંત્રમાં કામ કરે છે. બ્રિટિશ સરકારે પોતાના નિવેદનમાં કહ્યું કે, આ ડીલ ભારત અને બ્રિટન વચ્ચે કોમ્પ્લેક્સ વેપન્સ પાર્ટનરશિપની દિશામાં મોટું પગલું છે, જેના પર બંને દેશ વાતચીત કરી રહ્યા છે. મુંબઈમાં થયેલી આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ભારત-બ્રિટન વેપાર સંબંધોની પણ સમીક્ષા કરી. થોડા મહિના પહેલા થયેલી મુક્ત વેપાર કરાર બાદ હવે બંને દેશ રક્ષા અને ટેક્નોલોજી ભાગીદારીમાં પણ ફોકસ કરી રહ્યા છે.

## હબીબ અને તેના પુત્ર સામે ૨૩ કેસ નોંધાયા

# જાવેદ હબીબ પર બિટકોઇનના નામે સાત કરોડની ઠગાઈનો આરોપ

### આરોપી એફએલસી કંપનીના નામ પર બિટકોઇનમાં રોકાણ કરીને વાર્ષિક ધોરણે ૫૦થી ૭૦ ટકા વાર્ષિક વળતરની લાલચ આપીને ઠગાઈ કરી રહ્યા હતા




। સંભલ(યુપી), તા.૯ ।

ઉત્તરપ્રદેશના સંભલમાં કરોડો રૂપિયાની છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. આ મામલામાં પોલીસ સુપ્રસિદ્ધ હેર સ્ટાઈલિસ્ટ જાવેદ હબીબ, તેમના પુત્ર અનોસ હબીબ અને તેમના સહયોગી સૈફુલની સામે ૨૩ એફઆઈઆર નોંધવામાં આવી છે. આ ઠગાઈનો હાલનો આંકડો સાત કરોડ રૂપિયાથી વધુ રકમનો બતાવાયો છે. ઠગાઈના આ આરોપમાં કુલ ૨૩ એફઆઈઆર નોંધવામાં આવી છે. આરોપી એફએલસી કંપનીના નામ પર બિટકોઈનમાં રોકાણ કરીને વાર્ષિક ધોરણે ૫૦થી ૭૦ ટકા વાર્ષિક વળતરની લાલચ આપીને ઠગાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન સંભલની પોલીસે જાવેદ હબીબ અને તેના પુત્ર સામે લુકઆઉટ નોટિસ જારી કરી છે. એસપી કૃષ્ણકુમાર બિશ્નોઈએ જણાવ્યું હતું કે જાવેદ હબીબ અને તેમના પુત્ર અનોસ હબીબે એફએલસી કંપનીના નામે એક રોકાણ યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ બિટકોઈન ખરીદવા પર રોકાણકારોને ૫૦થી ૭૦ ટકા સુધીના વાર્ષિક વળતરનું વચન આપવામાં આવ્યું હતું. દરેક રોકાણકારો પાસેથી પાંચથી સાત લાખ રૂપિયાની રકમ લેવામાં આવી હતી.

## યુનિવર્સિટીઓ માટે ટ્રમ્પ સરકારની નવી દરખાસ્તથી ભારતીય વિદ્યાર્થીઓને ફટકો પડશે

# USની યુનિ.માં પાંચ ટકાથી વધુ ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં

### એસ ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટના અધિકારીઓએ ઇમિગ્રેશન સંબંધિત શ્રેણીબદ્ધ હાઇ-પ્રોફાઇલ દરોડા પાડ્યા પછી લોસ એન્જલ્સમાં વિરોધ ભભૂકી ઉઠ્યો હતો

। વોશિંગ્ટન, તા.૯ ।

ભારતીય વિદ્યાર્થીઓને ફટકો પડે તેવી એક હિલચાલમાં પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે અમેરિકન યુનિવર્સિટીઓમાં ઈન્ટરનેશનલ અંડરગ્રેજ્યુએટ્સ વિદ્યાર્થીઓના પ્રવેશ પર ૧૫ ટકા મર્યાદા લાદવાની યોજના બનાવી છે. આ યોજના હેઠળ અમેરિકાની કોઈપણ યુનિવર્સિટી કોઈ એક દેશના ૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહીં. આનાથી ભારતના વિદ્યાર્થીઓ માટે પણ ૫ ટકાની મર્યાદા આવશે. આ મહિનાની શરૂઆતમાં વ્હાઈટ હાઉસે નવ યુનિવર્સિટીઓને એક મેમો મોકલ્યો હતો, જેમાં સરકારી સહાયને નવી શરતો સાથે જોડવાની દરખાસ્ત છે. આ દરખાસ્ત મુજબ યુનિવર્સિટીઓએ સરકારી ફંડિંગ મેળવવું હશે તો આંતરરાષ્ટ્રીય અંડરગ્રેજ્યુએટ્સ વિદ્યાર્થીઓની સંખ્યાં ૧૫ ટકા સુધી મર્યાદિત કરવી પડશે અને કોઈપણ એક દેશના વિદ્યાર્થીઓની સંખ્યાને ૫ ટકા સુધી સીમિત રાખવી પડશે. વધુમાં જે સંસ્થાઓ ૫હેલાથી જ આ મર્યાદાઓ ઓળંગી ગઈ છે, તેમના માટે નવા કડક ક્વોટાનું પાલન કરવા માટે વર્તમાન વર્ગોમાં ઘટાડો કરવો પડશે.આ મેમો સાર્વત્રિક નીતિ



નથી એટલે કે તે તમામ યુનિવર્સિટીને લાગુ પડતો નથી, પરંતુ તે કેટલીક યુનિવર્સિટીઓને ટાર્ગેટ બનાવે છે અને શરતી છે. હાલમાં સરકારે નવ યુનિવર્સિટીઓને વિદેશી વિદ્યાર્થીઓ પર મર્યાદાનું અલ્ટીમેટમ આપ્યું છે. આ યુનિવર્સિટીમાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી , યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા, યુનિવર્સિટી ઓફ એરિઝોના, બ્રાઉન યુનિવર્સિટી, ડાર્ટમાઉથ કોલેજ, યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયા, યુનિવર્સિટી ઓફ ટેક્સાસ, યુનિવર્સિટી ઓફ વર્જિનિયા, વેન્ડરબિલ્ટ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. એજ્યુકેશન કન્સલ્ટન્ટ્સે જણાવ્યું હતું કે જો અમલમાં મૂકવામાં આવશે.

## જજો કોર્ટમાં ઓછું બોલે, પ્રવચન ના આપે : પૂર્વ જજ

# જૂતાકાંડ મામલે ખુદ સીજેઆઈ જવાબદાર : પૂર્વ જજ માર્કંડેય કાત્જુ

### પૂર્વ જજ કાત્જુએ પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું CJI પર જૂતા ફેંકવાની ઘટનાની નિંદા કરું છું

। નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુએ જૂતા ફેંકવાની ઘટના માટે ભારતના ચીફ જસ્ટિસ બીઆર ગવઈને જ જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, જજોએ કોર્ટમાં ઓછું બોલવું જોઈએ અને પ્રવચન ન આપવા જોઈએ. ૭૨ વર્ષીય વકીલ રાકેશ કિશોરે કોર્ટમાં જ ચીફ જસ્ટિસ ગવઈ પર જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. કિશોરે દાવો કર્યો હતો કે, CJI દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીથી હું દુઃખી હતો. પૂર્વ જજ કાત્જુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું CJI પર જૂતા ફેંકવાની ઘટનાની નિંદા કરું છું, પરંતુ તેમણે ખજુરાહોમાં ભગવાન વિષ્ણુની પ્રતિમા સાથે સંબંધિત અરજીની સુનાવણી કરતી વખતે તેમણે પોતે જ આ ઘટનાને આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તમે કહો છો કે તમે વિષ્ણુના મોટા ભક્ત છો. તો જાઓ અને તમારા દેવતાને કહો કે, તમે ખુદ જ કંઈક કરો. જાઓ અને પ્રાર્થના કરો. પૂર્વ જજે આગળ લખ્યું કે, આ પ્રકારની ટિપ્પણી અયોગ્ય અને બિનજરૂરી હતી. તેનું કેસના કાનૂની મુદ્દાઓ સાથે કોઈ લેવાદેવા નહોતું. જજોએ કોર્ટમાં ઓછું બોલવું જોઈએ, પ્રવચન, ઉપદેશ કે વ્યાખ્યાન ન આપવા જોઈએ નહીં. ૭૧ વર્ષીય વકીલે મીડિયા સાથે વાતચીતમાં માફી માગવાનો ઈન્કાર કરતાં જણાવ્યું હતું કે, લાખો કેસ પેન્ડિંગ છે. હું માફી માગવાનો નથી, મને આ વાતનો જરાય પસ્તાવો નથી. મેં કંઈ જ ખોટું કર્યું નથી. તમને સવાલ કરી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં આ સર્વશક્તિમાને જ મને આમ કરવા મજબૂર કર્યો. તેમણે શા માટે મૂર્તિની મજાક કરી. તેમની આ મજાકથી મારી લાગણી દુભાઈ છે. ચીફ જસ્ટિસની કોર્ટમાં કોઈ એક PIL પર ગવઈ સાહેબે મજાક ઉડાવતાં મને ખૂબ જ આઘાત લાગ્યો હતો. CJIએ વિચારવું જોઈએ કે, તેઓ બંધારણના સર્વોચ્ચ પદ પર બેઠા છે. તેમણે મીલોર્ડનો અર્થ સમજવો જોઈએ અને તેનું માન જાળવવું જોઈએ. તમે મોરિશિયસ જાઓ અને કહો કે, દેશ બુલડોઝર સાથે નહીં ચાલે. હું ઝત્તેંને પૂછવા માગું છું કે, સરકારની સંપત્તિ પર કબજો કરનારાઓ વિરુજદ્ધ યોગીજીનું બુલડોઝર ચાલે તેમાં ખોટું શું છે? મને ખૂબ આઘાત લાગ્યો છે.



### રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા ગુજરાત પોલીસમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે સપ્તાહાંત તાલીમ કાર્યક્રમ

# ગુજરાત પોલીસની તૈયારી કરતાં ઉમેદવારો માટે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન

। ગાંધીનગર, તા.૯ ।

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) એ ગુજરાત પોલીસ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC), ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) અને ગુજરાત સબઓર્ડીનેટ સર્વિસ સિલેક્શન બોર્ડ (GSSSB) માં જોડાવા ઈચ્છુક ઉમેદવારો માટે એક ખાસ વ્યાપક સપ્તાહાંત તાલીમ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પહેલ ગુજરાતમાં ભાવિ કાયદા અમલીકરણ અને જાહેર સેવા કર્મચારીઓની તૈયારી અને વ્યાવસાયિક ક્ષમતા વધારવાની RRUની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ વિશિષ્ટ કાર્યક્રમ એક મહિનાના સમયગાળા માટે દર શનિવારે ચલાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. તે ૧ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થશે અને ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે, જેમાં કુલ ચાર શનિવારનો સમાવેશ થાય છે. આ તમામ સત્રો યુનિવર્સિટીના અત્યાધુનિક કેમ્પસમાં યોજાશે, જે ઉમેદવારોને શ્રેષ્ઠ શિક્ષણ વાતાવરણ પૂરું પાડશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સહભાગીઓની તૈયારી, શારીરિક કાર્યક્ષમતા અને એકંદર વ્યાવસાયિક ક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવાનો છે. આ લક્ષ્ય નિષ્ણાત પ્રશિક્ષકોની દેખરેખ હેઠળ, માળખાગત માર્ગદર્શન અને વ્યવહારુ સત્રોનો સમાવેશ કરતા કાળજીપૂર્વક રચાયેલા અભ્યાસક્રમ દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે. વીકેન્ડ તાલીમ કાર્યક્રમ માટેનો અભ્યાસક્રમ વ્યાપક છે, જેમાં ઉપરોક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા છે. વિષયોમાં મુખ્યત્વે ભૂગોળ, ગણિત, તર્ક (રીઝનિંગ) અને NCERT તથા GCERT અભ્યાસક્રમમાંથી મેળવેલી સામગ્રીનો સમાવેશ થાય છે. આ સર્વાંગી અભિગમ શૈક્ષણિક જ્ઞાન અને વિવેચનાત્મક વિચારસરણી કૌશલ્ય બંનેને સંબોધીને ઉમેદવારોને સારી રીતે તૈયાર કરવાની ખાતરી આપે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓને સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ બનવા માટે જરૂરી આત્મવિશ્વાસ અને સાધનોથી સજ્જ કરવાનો છે. આ તાલીમ માટે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૫૦૦ ફી લેવામાં આવશે.

વ્યાખ્યાનનું સમયપત્રક બે સત્રોમાં વહેંચાયેલું હશે:

સવારનો સત્રઃ સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી

બપોરનો સત્રઃ બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦ વાગ્યા સુધી

આ લવચીક સમયપત્રક ઉમેદવારોને તેમની સાપ્તાહિક દિનચર્યાઓમાં નોંધપાત્ર વિક્ષેપ વિના તેમની તૈયારી આગળ વધારવાની સુવિધા પૂરી પાડે છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) એ ભારત સરકારના સંસદના કાયદા દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે. તે રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ વહીવટના અભ્યાસ અને સંશોધન માટે સમર્પિત છે. RRU તેના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો અને તાલીમ પહેલ દ્વારા વિવિધ સુરક્ષા ક્ષેત્રોમાં ઉચ્ચ કુશળ વ્યાવસાયિકો અને નેતાઓ વિકસાવવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ તાલીમ કાર્યક્રમ ગુજરાતના યુવાનોને સરકારી સેવાઓમાં જોડાવા માટે એક ઉત્તમ તક પૂરી પાડે છે.

## ૫૦ વર્ષની આધેડ મહિલા પર ૩ નરાધમો સામૂહિક દુષ્કર્મ આચર્યું

**આ ઘટનામાં નરાધમોએ મહિલાના ગુપ્ત ભાગે ગંભીર ઇજાઓ પણ પહોંચાડી છે, જેના કારણે હાલ મહિલાની તબિયત અત્યંત નાજુક છે**



। ગીર સોમનાથ, તા.૯ ।

ગીર સોમનાથના ઉના નજીક આવેલા કોસ્ટલ દરિયાકાંઠાના એક ગામમાં અત્યંત શર્મજનક અને અમાનવીય ઘટના સામે આવી છે. અહીં ૫૦ વર્ષીય એક આધેડ મહિલા પર ત્રણથી વધુ નરાધમો દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની માહિતી મળી છે. આ ઘટનામાં નરાધમોએ મહિલાના ગુપ્ત ભાગે ગંભીર ઈજાઓ પણ પહોંચાડી છે, જેના કારણે હાલ મહિલાની તબિયત અત્યંત નાજુક છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટના ત્રણ દિવસ પહેલા કોસ્ટલ દરિયાકાંઠાના એક ગામમાં બની હતી. એકલવાયું જીવન જીવતી મહિલાની એકલતાનો લાભ ઉઠાવી ત્રણથી વધુ શખસો તેમને ફોસલાવીને લઈ ગયા હતા અને સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. ગંભીર ઈજાઓ અને અસહ્ય પીડા સાથે મહિલા ત્રણ દિવસ સુધી પોતાના નિવાસસ્થાને જ પડી રહી હતી. તબિયત વધુ લથડતાં આ મામલો સામે આવ્યો છે. મહિલાને ગંભીર હાલતમાં સારવાર માટે તાત્કાલિક જૂનાગઢ ખસેડવામાં આવી છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે આ મામલે ગુનો નોંધી દીધો છે અને આ નરાધમોને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કોસ્ટલ વિસ્તારમાં બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### છેતરપિંડી કરવામાં આવી હોવાનો બનાવ

## PM આવાસના બોગસ એજન્ટે કોર્પોરેશનની બે હેલ્થ વર્કર સહિત ત્રણને રૂ.૬.૧૧લાખનો ચૂનો ચોપડયો

**ઠગે વિશ્વાસમાં લેવા માટે ત્રણ જણા પાસેથી રૂપિયા પડાવી બેંકની સહી સિક્કાવાળી પાવતીઓ પણ આપી હતી. જેથી સમા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે**

। (એજન્સી) વડોદરા તા.૯ ।

વડોદરામાં પીએમ આવાસ યોજનાના મકાનો રીસેલ કરવાના નામે કૃત કોર્પોરેશનના જ હેલ્થ વર્કર સહિત ત્રણ જણા સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો બનાવ બન્યો છે. ઠગે વિશ્વાસમાં લેવા માટે ત્રણ જણા પાસેથી રૂપિયા પડાવી બેંકની સહી સિક્કાવાળી પાવતીઓ પણ આપી હતી. જેથી સમા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સમા મંગલ પાંડે રોડ ઉપર બાલાજી હાઈટ્સમાં રહેતા અનિલકુમાર પંચોલાએ પોલીસને કહ્યું છે કે, મારી પત્ની પ્રિયંકા સમા અર્બન હેલ્થ સેન્ટરમાં નોકરી કરે છે અને તેની સાથે દક્ષાબેન ચીખલી ઘર તેમજ સોનલ ધૂમકેતુ પણ નોકરી કરે છે. દક્ષાબેનએ મારી પત્નીને સામા મામલતદાર કચેરી પાસે પીએમ આવાસના મકાનો રીઝલ્ટ કરવાના હોવાની સ્કીમ બહાર પડી છે તેમ કહ્યું હતું અને એજન્ટનો સંપર્ક કરાવ્યો હતો. ૧૭-૫-૨૦૨૫ના રોજ એજન્ટ તરલ પઢિયાર જાનીધારી પર મળ્યો હતો અને તેણે કહ્યું હતું કે ૧૦ થી ૧૫ મકાન રિસેલ કરવાના છે, અને હું કોર્પોરેશનનો સત્તાવાર એજન્ટ છું. તેણે પોતાનું આઈકાર્ડ પણ બતાવ્યું હતું.

એજન્ટ તરલ પઢીયારે ત્યારબાદ પ્રિયંકાબેન પાસે રજીસ્ટ્રેશનના નામ ૧.૯૦ લાખ, તેમજ તેની સાથે નોકરી કરતા દક્ષાબેન પાસેથી ૧.૩૬ લાખ અને ધૂમકેતુ શ્રીમાળી પાસે ૩.૧૫ લાખ પડાવી લીધા હતા. આ રકમ પેટે તેણે કોર્પોરેશનની બેંક ઓફ બરોડાના એકાઉન્ટની સિક્કાવાળી પેમેન્ટ સ્લીપો, હાઉસિંગ બોર્ડના એલોટમેન્ટ લેટર જેવા દસ્તાવેજો બનાવી આપ્યા હતા. અનિલ કુમારે પોલીસને કહ્યું છે કે, તરલ પઢીયારે અમને મકાન પણ બતાવ્યા હતા અને પસંદગી પણ કરાવી હતી. પરંતુ ત્યારબાદ તે મકાન ક્યારે મળશે તેની ચોખવટ કરતો ન હતો. તેના વારંવાર ના વાયદાથી શંકા જતા કોર્પોરેશન, બેંક ઓફ બરોડા તેમજ હાઉસિંગ બોર્ડમાં તપાસ કરતા બધું જ બોગસ હોવાનું જણાયું હતું. જેથી સમા પોલીસે તરલ મહીજીભાઈ પઢીયાર (અર્થ આઈકોન,ખોડીયાર નગર ચાર રસ્તા પાસે,વીઆઈપી રોડ) સામે ગુનો નોંધ્યો છે. અનિલ કુમારે પોલીસને કહ્યું છે કે, તરલ પઢીયારે અમને મકાન પણ બતાવ્યા હતા અને પસંદગી પણ કરાવી હતી. પરંતુ ત્યારબાદ તે મકાન ક્યારે મળશે તેની ચોખવટ કરતો ન હતો. તેના વારંવાર ના વાયદાથી શંકા જતા કોર્પોરેશન, બેંક ઓફ બરોડા તેમજ હાઉસિંગ બોર્ડમાં તપાસ કરતા બધું જ બોગસ હોવાનું જણાયું હતું. જેથી સમા પોલીસે તરલ મહીજીભાઈ પઢીયાર (અર્થ આઈકોન,ખોડીયાર નગર ચાર રસ્તા પાસે,વીઆઈપી રોડ) સામે ગુનો નોંધ્યો છે.

## ભરુચ જિલ્લામાંથી વધુ ૩ બાંગ્લાદેશીઓ ઝડપાયા, અમોદ અને અંકલેશ્વરમાંથી ૩ બાંગ્લાદેશી ઝડપાયા

। (એજન્સી) ભરુચ, તા.૯ ।

ભરુચ જિલ્લામાંથી વધુ ૩ બાંગ્લાદેશી ઝડપાયા. લાંબા સમયથી આ બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા હતા. વર્ષો પહેલા ઘુસણખોરી કરી આ બાંગ્લાદેશી ભારત આવ્યા હતા. તાજેતરમાં આ વ્યક્તિઓની હિલચાલ પોલીસને શંકાસ્પદ લાગતા તપાસ કરવામાં આવી. પોલીસ તપાસમાં આ ૩ શખ્સ બાંગ્લાદેશના હોવાનું ખૂલ્યું અને તેઓ ૨૧ વર્ષથી આમોદ અને અંકલેશ્વરમાં વસવાટ કરતા હતા. પોલીસે ઘૂસણખોરી કરનાર ત્રણેય બાંગ્લાદેશીઓની અટકાયત કરી. આમોદ અને અંકલેશ્વરમાંથી શંકાસ્પદ ૩ બાંગ્લાદેશીઓને એસઓજીએ ઝડપી પાડ્યા. આમોદમાં છેલ્લા ૨૧ વર્ષથી ઈલ્હાઈ માણિક શના અને રોહીમા ઈલ્હાઈ માણિક શના નામના બે શખ્સ રહેતા હતા. પોલીસે આ બંને બાંગ્લાદેશીઓની અટકાયત કરી. આ બાંગ્લાદેશીઓ દરબારી રોડ પર આવેલ યાકુબ પટેલના મકાનમાં રહેતા હતા. પોલીસની પૂછપરછમાં તેમણે કબૂલાત કરી કે તેઓ બાંગ્લાદેશથી કલકત્તા,દિલ્હી અને ગુજરાતમાં આવ્યા હતા. જયારે અંકલેશ્વરમાંથી સંમપા ઉર્ફે અખી રોબેલ વેપારીની અટકાયત કરી. આ શખ્સે બાંગ્લાદેશથી કલકત્તા,ગોવા થઈ સુરતથી ભરૂચમાં પ્રવેશ મેળવ્યો હતો. આ શખ્સે પણ પોલીસ સમક્ષ કબૂલાત કરી કે તે છેલ્લા પાંચ મહિનાથી અંહીયા રહે છે. આ ત્રણેય બાંગ્લાદેશીઓના ડોક્યુમેન્ટ ચકાસણી કરતા તેઓ બાંગ્લાદેશી નાગરિક હોવાની ખાત્રી થયા બાદ પોલીસે તમામની અટકાયત કરી. પોલીસે ત્રણેય બાંગ્લાદેશી દ્વારા કોઈ ગુના આચરવામાં આવ્યા છે કે નહીં વગેરે મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર મામલે પોલીસે બાંગ્લાદેશી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે રાજ્યમાં ઘૂસણખોરી કરી ગેરકાયદે વસવાટ કરતા વિદેશી નાગરિકોને પકડવાની ઝુંબેશ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયમાં અમદાવાદ અને સુરત શહેરમાં દરોડા પાડીને ૨૦૦થી વધુ બાંગ્લાદેશીઓને પકડી પાડવામાં આવ્યા છે. આ ત્રણેય બાંગ્લાદેશીઓના ડોક્યુમેન્ટ ચકાસણી કરતા તેઓ બાંગ્લાદેશી નાગરિક હોવાની ખાત્રી થયા બાદ પોલીસે તમામની અટકાયત કરી. પોલીસે ત્રણેય બાંગ્લાદેશી દ્વારા કોઈ ગુના આચરવામાં આવ્યા છે કે નહીં વગેરે મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર મામલે પોલીસે બાંગ્લાદેશી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે રાજ્યમાં ઘૂસણખોરી કરી ગેરકાયદે વસવાટ કરતા વિદેશી નાગરિકોને પકડવાની ઝુંબેશ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયમાં અમદાવાદ અને સુરત શહેરમાં દરોડા પાડીને ૨૦૦થી વધુ બાંગ્લાદેશીઓને પકડી પાડવામાં આવ્યા છે.

## વાવ થરાદ જિલ્લાના ખેડૂતોએ કલેક્ટરને પાણીના નિકાલ અંગે આવેદન આપ્યું

। (એજન્સી) વાવ થરાદ, તા.૯ ।

ચોમાસાની ચાલુ સિઝનમાં ઉત્તર ગુજરાતના વાવ થરાદ અને બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદ ખાબક્યો હતો. આ વરસાદને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતાં. થરાદ અને બનાસકાંઠાના કેટલાક ગામડાઓમાં સતત એક મહિના કરતાં વધારે સમયથી પાણી ભરાઈ ગયાં છે જેનો નિકાલ નહીં થતાં ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. આજે વાવ થરાદ જિલ્લાના નાગલા ખાનપુર અને ડોડગામના ખેડૂતો એકત્ર થઈ કલેક્ટર કચેરી પહોંચ્યા હતાં. તેમણે વરસાદી પાણીના નિકાલની માગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. તંત્ર દ્વારા પાણીના નિકાલની કામગીરી શરૂ કરાઈ હતી પરંતુ ગઈકાલે અચાનક આ કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. માલસણ અને માડકા બ્રાંચ કેનાલમાં આ પાણીનો નિકાલ કરવામાં આવતો હતો. વાવ વિધાનસભાના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરે ગઈકાલે પાણીનો નિકાલ બંધ કરાવ્યો હતો. ખેડૂતોનું કહેવું છે કે, વાવ અને સુઈગામ તાલુકાના ખેડૂતોએ રજૂઆત કરતા ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરે આ પાણીનો નિકાલ બંધ કરાવ્યો છે. થરાદના નાગલા ખાનપુર અને ડોડગામ તરફથી કેનાલોમાં પાણી ઠાલવવામાં આવતું હતું. જે પાણી સુઈગામ તાલુકાના ખેતરોમાં ભરાઈ જતાં તેનો ક્ષાર પાકને નુકસાન કરે તેવી દલીલ કરાઈ હતી. જેથી પાણીનો નિકાલ કરવા માટે આજે ખેડૂતો એકત્ર થયા હતાં અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

## આવાસો ભાડે આપનાર ૧૧ માલિકો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરાના સોમા તળાવ પાસે આવેલી ગરીબ આવાસ યોજનાના વુડાના આવાસો રૂ.૨થી ૩ હજારમાં ભાડે આપી સ્થાનિક પોલીસ સ્ટેશને નોંધણી ન કરાવનાર ૧૧ મકાન માલિકો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો હતો.અસામાજિક તત્વો રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશ્રય મેળવી જાહેર સલામતી અને શાંતિ ભંગ કરી શકે છે. જેથી નાગરિકોની સુરક્ષા અને સુવિધા અંતર્ગત દુકાન તથા મકાન ભાડે આપનાર માલિકોને ભાડા કરાર, સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી અથવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. તેમ છતાં ભાડા કરાર ન કરી તથા સ્થાનિક પોલીસને ભાડુઆત અંગેની જાણ ન કરનાર ૧૧ મકાન માલિકો સામે પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેમ છતાં ભાડા કરાર ન કરી તથા સ્થાનિક પોલીસને ભાડુઆત અંગેની જાણ ન કરનાર ૧૧ મકાન માલિકો સામે પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ભગવાનસિંગ જેનુંસિંગ પવાર (ગાયત્રીનગર, જાંબુઆ), મીનાબેન અશોકભાઈ સોલંકી (હરીજનવાસ, મકરપુરા), પુનમબેન ધનજીભાઈ સોલંકી (શિવાનગર, માણેજા ક્રોસિંગ), સુનિલભાઈ ચીમનભાઈ સોલંકી (પાયલ પાર્ક સોસાયટી, એરફોર્સની બાજુમાં, મકરપુરા), યસ જગદીશભાઈ તડવી (બાવચાવાડ, પાણીગેટ), પરવીનબાનુ ફરિદઅહેમદ કાગદી (મોટી મોડવાડ, ચોખંડી), જૈતુનબાનું ઉસ્માનભાઈ શેખ (વુડાના મકાન, સોમા તળાવ), આરીફાબાનુ જાવેદખાન પઠાણ (ગોવિંદ પટેલનોવાડો, મદાર મહોલ્લો), સબીરહુસેન કુરબાનહુસેન મેવલીવાલા (રામપાર્ક, દશાલાળ ભવનની સામે, આજવા રોડ), અબ્દુલ કાદર અબ્દુલ રહેમાન (એકતાનગર, આજવા રોડ) અને વસંતભાઈ મણીલાલ સોલંકી (પાયલ પાર્ક સોસાયટી, એરફોર્સની બાજુમાં, મકરપુરા) નો સમાવેશ થાય છે.

## વડોદરા સ્ટેશન રોડ ઉપર દારૂના નશામાં બેફામ વાન હાંકતો ચાલક ઝડપાયો

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરાના રેલ્વે સ્ટેશન નજીક ગઈકાલે રાત્રે દારૂના નશામાં બેફામ રીતે કાર ચલાવતા એક ચાલકની પોલીસે ધરપકડ કરી હતી. ટ્રાફિક શાખાની ટીમ ગઈકાલે રાત્રે સયાજીગંજ સ્ટેશન નજીકની ઓફિસ પાસે હાજર હતી તે દરમિયાન કાલાગોળા તરફ જઈ રહેલી એક વાનનો ચાલક બેજવાબદારી પૂર્વક અને બેફામ રીતે વાન ચલાવતો હોવાથી પોલીસે તેને રોક્યો હતો. પોલીસે તેની તપાસ કરતા ચાલકનું નામ વિક્રમ તુલસીભાઈ રાઠવા (ભાગ્યલક્ષ્મી સોસાયટી, અકોટા રેલવે લાઈન પાસે) હોવાનું જણાઈ આવ્યું હતું. કાર ચાલક દારૂના નશામાં ધૂત હોવાથી પોલીસે ડ્રીંક એન્ડ ડ્રાઈવ બદલ તેની ધરપકડ કરી કાર કબજે કરી હતી.

**વિશેષ**

### વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત- મહેસાણા, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતની પ્રેરક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે મહેસાણામાં આયોજિત VGRCમાં ટ્રેડ શો અને એક્ઝિબિશન ઉદ્ઘાટન

। (માહિતી) અમદાવાદ ।

ઉત્તર ગુજરાત માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ મહેસાણાની ગણપત યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારોહ પહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે મહેસાણામાં આયોજિત ફર્ઈઝમાં ટ્રેડ શો અને એક્ઝિબિશન ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ અવસરે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત ઉપસ્થિત રહ્યા હતા

કેન્દ્રીય મંત્રી શ્રી, મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવો VGRC પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જ્યાં વિવિધ ક્ષેત્રોની અત્યાધુનિક નવીનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.




આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, MSMEs, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, મોટી કંપનીઓ, સરકારી વિભાગો, PSUs અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવવાનો પ્રયાસ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લગભગ ૧૮ હજાર વર્ગ મીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યાં છે. આ સિવાય ટોરેન્ટ, વેલ્સ્પન, NHPC, NTPC, કોસોલ, સુઝલોન, અવાડા, નિરમા, INOX, અદાણી, મારુતિ સુઝુકી, પાવરગ્રીડ કૉર્પોરેશન લિમિટેડ અને ONGC જેવી અગ્રણી કોર્પોરેટ કંપનીઓ પણ જોડાઈ છે. આ ઉપરાંત પ્રદર્શનના ભાગરૂપે, દૂધસાગર ડેરી, ONGC, વેસ્ટર્ન રેલ્વે અને મકેન ફૂડ્સ જેવી સંસ્થાઓ સાથે વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (VDP)નું આયોજન કરવામાં આવશે, જેનો હેતુ ઉદ્યોગ જોડાણોને મજબૂત બનાવવા અને સ્થાનિક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ની ભાવના સાથે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સ્થાનિક ઉદ્યોગસાહસિકતા, ગ્રામ્ય સ્તરે નવીનતા અને સામુદાયિક વિકાસની શક્તિનો ઉત્સવ મનાવશે. આ આયોજન ક્ષેત્રીય સશક્તિકરણ, વૈશ્વિક સહયોગ અને ટકાઉ પ્રગતિને નવી ઊર્જા આપશે જેનાથી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં વધુ મજબૂતી આવશે. આ ટ્રેડ શો અને એક્ઝિબિશન ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ શ્રી મમતા વર્મા, એનર્જી વિભાગના એસીએસ શ્રી હૈદર, વિવિધ વિભાગોના સચિવશ્રીઓ જિલ્લા કલેકટર એસ. કે પ્રજાપતિ, તેમજ તેમજ રાજ્ય સરકારના વિભાગના અધિકારીઓ/ પદાધિકારીઓ તેમજ ઉદ્યોગપતિઓ અને રોકાણકારો ઉપ

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## બીજી ટેસ્ટ મેચ ૧૦ થી ૧૪ ઓક્ટોબર દરમિયાન રમાશે

। નવી દિલ્હી, તા.૯ ।

ટીમ ઈન્ડિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસમાં પહેલી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું. શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ૧૦ થી ૧૪ ઓક્ટોબર દરમિયાન દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. બંને ટીમો દિલ્હી પહોંચી ગઈ છે. જોકે, ખરાબ હવામાન અને વરસાદના કારણે પ્રેક્ટિસમાં અવરોધ ઉભો થયો છે. દિલ્હીમાં લાંબા સમય પછી ટેસ્ટ મેચ રમાશે. દિલ્હીનું અરુણ જેટલી સ્ટેડિયમ, જેને ફિરોઝ શાહ કોટલા તરીકે પણ ઓળખવામાં આવે છે, શુક્રવાર, ૧૦ ઓક્ટોબરના રોજ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ટેસ્ટ મેચનું આયોજન કરશે. ટોસ સવારે ૯:૦૦ વાગ્યે થશે અને મેચ સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં કાળી અને લાલ માટી બંને પ્રકારની પીચ છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટ મેચ કાળી માટીની પીચ પર રમાશે. આ બેટ્સમેન માટે એક ઉત્તમ સ્થળ હશે. આ પીચ પર રન બનાવવાનું સરળ માનવામાં આવે છે. બાઉન્ડ્રી ટૂંકી છે અને આઉટફિલ્ડ ખૂબ ઝડપી છે.

## ખ્વાજા આસિફે ભારત સાથે ફરી એક યુદ્ધની શક્યતા વ્યક્ત કરી

। ઈસ્લામાબાદ, તા.૯ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો છે. આ દરમિયાન, સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે પાકિસ્તાનના નાપાક ઈરાદાઓનો ખુલાસો કર્યો છે. તેમણે ભારત સાથે ફરી એક યુદ્ધની શક્યતા વ્યક્ત કરી છે. તેમણે ભારતને ધમકી આપતા કહ્યું છે કે જો આ વખતે યુદ્ધ ફાટી નીકળશે તો પાકિસ્તાનને મોટી જીત મળશે. ખ્વાજા આસિફે ભૂતકાળમાં અનેક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. તેમણે ભારતીય વાયુસેના સામે પણ ઝેર ઓક્યું છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સમા ટીવી સાથે વાત કરતા, ખ્વાજા આસિફે કહ્યું કે, જો તમે ઈતિહાસમાં પાછળ જુઓ તો, ભારત ફક્ત એક જ વાર રજવાડા તરીકે એક જ અસ્તિત્વ રહ્યું છે, અને તે ૧૮મી સદી દરમિયાન, ઔરંગઝેબના સમયમાં હતું. તે ક્યારેય એક જ દેશ રહ્યું નથી. એક સમય હતો જ્યારે ૫૪૦ રજવાડા હતા. અમે આ રાષ્ટ્ર બનાવ્યું છે, અને અમે તેને અલ્લાહના નામે બનાવ્યું છે. તેણે કહ્યું કે, જો તમે જુઓ કે ઉપરથી નીચે સુધી આપણી વચ્ચે કેટલા સંઘર્ષો ચાલી રહ્યા છે. આ ઉત્તરથી દક્ષિણ સુધી થઈ રહ્યું છે. આ બાબતોનો મોટો પ્રભાવ છે. મને લાગે છે કે પરિસ્થિતિ ફરીથી યુદ્ધ માટે વિકસી રહી છે, અને જો આ વખતે યુદ્ધ ફાટી નીકળશે.



મુંબઈમાં બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.

### બિહારમાં જે મતદારોએ અપીલ નથી કરી તેમના નામ કમી કરાયા

## પંચ હટાવાયેલા ૩.૬૬ લાખ મતદારોની વિગતો આપે : સુપ્રીમ

### બિહારમાં જે મતદારોએ અપીલ નથી કરી તેમના નામ કમી કરાયા : પંચ નામ કમી કરાયું હોવાની જાણ જ નથી તો અપીલ ક્યાંથી કરે : સિંઘવી

। નવી દિલ્હી, તા.૯ ।

બિહારમાં ચૂંટણી પંચ દ્વારા મતદારોનું વેરિફિકેશન કરાયું હતું, આ સમગ્ર પ્રક્રિયાના અંતે ચૂંટણી પંચે આશરે ૩.૬૬ લાખ મતદારોની યાદીમાંથી બાદબાકી કરી નાખી છે. હવે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આ તમામ બાદબાકી કરાયેલા મતદારોની વિગતો સોંપવાનો આદેશ કર્યો છે. સુપ્રીમમાં અરજદારોનો દાવો હતો કે લાખો લોકોના નામ તેમને જાણ કર્યા વગર જ કમી કરી નખાયા છે. બિહારમાં મતદારોનું વેરિફિકેશન કરવામાં આવ્યું જેનો ડ્રાફ્ટ બહાર પડાયો હતો, આશરે ૩.૬૬ લાખ જેટલા મતદારોની આ યાદીમાંથી બાદબાકી કરાઈ છે. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં એવો દાવો કર્યો હતો કે આ તમામ મતદારોને પોતાનો પક્ષ રજુ કરવાની તક આપવામાં આવી હતી. જોકે આ એવા લોકો છે કે જેમણે કોઈ જ જવાબ નથી આપ્યો. મંગળવારે સુનાવણી દરમિયાન અરજદારોના વકીલ અભિષેક સિંઘવીએ કહ્યું હતું કે લાખો મતદારોના નામ મતદાર યાદીમાંથી રદ કરી નાખવામાં આવ્યા.

### ૧ કિલો ચાંદીનો ભાવ પહેલીવાર દોઢ લાખને પાર

## સોનું સતત ત્રીજા દિવસે ઓલ ટાઈમ હાઈ રહ્યું

### સોનાના ભાવની વાત કરીએ તો પ્રતિ ૧૦ ગ્રામના ૧૮૫૮ વધારાના સાથે સોનાનો ભાવ ૧૨૧૭૯૯ ને આંબી ગયો હતો

। નવી દિલ્હી, તા.૯ ।

સોના અને ચાંદીના ભાવમાં સતત આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનના અહેવાલ અનુસાર આજે ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ એકઝાટકે ૧૮૫૮ રૂપિયા વધી ગયો હતો. જ્યારે ચાંદીનો ભાવ એક જ દિવસમાં ૨૩૪૨ રૂપિયા વધીને દોઢ લાખને વટાવી ગયો હતો. ચાંદીનો એક કિલોનો આજનો ભાવ ૧૫૦૭૮૩ રૂપિયા બોલાયો હતો, જે એક રેકોર્ડ છે. સોનાના ભાવની વાત કરીએ તો આજે પ્રતિ ૧૦ ગ્રામના ૧૮૫૮ રૂપિયાના વધારાના સાથે સોનાનો ભાવ ૧૨૧૭૯૯ ને આંબી ગયો હતો. જોકે અમદાવાદમાં સોનાના ભાવની વાત કરીએ તો ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧૨૩૨૨૦ રૂપિયાને આંબી જતાં ઈન્વેસ્ટરો ખુશખુશાલ દેખાયા હતા. જ્યારે ૨૨ કેરેટના સોનાનો ભાવ ૧૧૨૯૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ રહ્યો હતો. તેની સામે ૧૮ કેરેટનો ૯૨૪૩૦ અને ૧૪ કેરેટનો ૭૧૮૫૦ ની આસપાસ પ્રતિ ૧૦ ગ્રામ રહ્યો હતો.

**લગ્ન નોંધણીના નિયમો બદલાયા**

## એક્ટર દુલકર સલમાન અને પૃથ્વીરાજ સુકુમારનના ઘરે EDની રેડ

### ED દ્વારા ભૂટાનથી લક્ઝુરિયસ કારોની તસ્કરીના મામલાને લઈને આ કાર્યવાહી કરવામાં આવી રહી છે

। નવી દિલ્હી, તા.૦૯ ।

ભૂટાનથી લક્ઝરી કાર્સની તસ્કરીનો મામલો હવે ગંભીર બનતો જઈ રહ્યો છે. બુધવારે EDએ કેરળ અને તમિલનાડુમાં ૧૭ અલગ અલગ જગ્યાઓ પર રેડ કરી હતી. આ રેડમાં મલયાલમ ફિલ્મોના પ્રખ્યાત એક્ટર મમૂટી, તેમનો પુત્ર દુલકર સલમાન, એક્ટર પૃથ્વીરાજ સુકુમારન અને અમિત ચકલક્કલના ઘર શામેલ છે. EDના જણાવ્યા પ્રમાણે આ કાર્યવાહી વિદેશી મુદ્રા પ્રબંધન કાયદાના ઉલ્લંઘન સાથે જોડાયેલી છે. જોકે EDની આ કાર્યવાહી હાલ દેશમાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. મમૂટીના ઘરે એલમકુલમમાં, દુલકરના કોચ્ચિ અને ચેન્નઈવાળા ઘરમાં, પૃથ્વીરાજના નિવાસ અને અમિતના કદવંથરા સ્થિત આવેલા ઘરોમાં આ રેડ કરવામાં આવી છે. આ સિવાય પાંચ જિલ્લામાં કાર ડિલરોના ત્યાં તપાસ કરવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું કે ઘણા લોકો ભૂટાન અને નેપાળના રસ્તેથી મોંઘી કારો ભારતમાં ગેરકાયદેસર લાવી રહ્યા છે. આ કારોમાં ટોયોટા લેન્ડ ક્રૂઝર અને લેન્ડ રોવર ડિફેન્ડર જેવી મોંઘી ગાડીઓ શામેલ છે. આરોપ છે કે આ કાર્સના ફરજી દસ્તાવેજ પણ બનાવવામાં આવ્યા છે. જેમાં ભારતીય સેના, અમેરિકી દૂતાવાસ અને વિદેશ મંત્રાલયના નામથી નકલી કાગળો શામેલ છે. આ નકલી દસ્તાવેજોની મદદથી કાર્સને અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ખોટી રીતે રજિસ્ટર કરવામાં આવી. બાદમાં આ કાર્સ સેલિબ્રિટી સહિત અનેક લોકોને ઓછા ભાવમાં વેચી દેવામાં આવતી હતી. આ કાર્યવાહી ત્યારે થઈ જ્યારે કેરળ હાઈકોર્ટે દુલકરની જપ્ત કરેલી કાર માટે ભારતીય કસ્ટમ વિભાગને સંપર્ક કરવાની પરવાનગી આપવામાં આવી હતી. કોર્ટે કસ્ટમ વિભાગને આદેશ આપ્યો કે દુલકર તરફથી યોગ્ય કાગળ અને સિક્યોરિટી જમા કરવાને લઈને એક સપ્તાહમાં કારને રિલીઝ કરવાનો વિચાર કરવામાં આવે. કોર્ટમાં દુલકરના વકીલે જણાવ્યું કે આ કાર ૨૦૦૪માં રેડ ક્રોસ માટે કાયદાકીય રીતે આયાત કરવામાં આવી હતી અને બાદમાં કાયદેસર ખરીદવામાં આવી હતી.

### એક્ટ્રેસ રાની મુખર્જી સાથે મુલાકાત કરી

## બ્રિટેનના PM કીર સ્ટાર્મર યશરાજ સ્ટુડિયો પહોંચ્યા

### બ્રિટેનના પીએમ ૨ દિવસ ભારતના પ્રવાસે આવ્યા છે

। નવી દિલ્હી, તા.૯ ।

યશરાજ ફિલ્મ્સ દ્વારા તેની આગામી ૩ મોટી ફિલ્મોનું એલાન કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મોનું શૂટિંગ ૨૦૨૬માં શરૂ થશે અને યુકેમાં આ ફિલ્મોનું શૂટિંગ થવાનું છે. યશરાજ ફિલ્મ્સના આ નિર્ણયને લઈને બ્રિટેનમાં ૩ હજાર કરતા વધારે લોકોને નોકરીઓ મળવાની છે. જે ત્યાંની અર્થવ્યવસ્થાને ઘણી મદદ કરશે. આ મુદે બ્રિટેનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે સામેથી મુંબઈમાં જાણકારી આપી છે. તેમણે મુંબઈના યશરાજ સ્ટુડિયોની મુલાકાત પણ લીધી હતી. બ્રિટેનના પીએમ યશરાજ સ્ટુડિયો પહોંચ્યા ત્યારે તેમણે યશરાજ પરિવારની વહુ રાની મુખર્જી સાથે પણ મુલાકાત કરી હતી. હાલ તેઓ ભારતની યાત્રાએ આવ્યા છે. જેમાં તેઓ બંન્ને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. બ્રિટેનનો ફિલ્મ ઉદ્યોગ વર્ષે ૧૨ બિલિયન પાઉન્ડનું આર્થિક યોગદાન આપે છે. દેશભરમાં ૯૦ હજાર લોકોને આ ઉદ્યોગથી રોજગાર મળે છે. બીજી તરફ ભારત પણ વિશ્વનો સૌથી મોટો ફિલ્મ ઉત્પાદક દેશ છે.

### ૪ લોકોના મોત, ૬ ઈજાગ્રસ્ત

## છત્તીસગઢમાં મોટી દુર્ઘટના, વીજ પ્લાન્ટમાં લિફ્ટ ધરાશાયી

### આ દુર્ઘટના ઉચ્ચપિંડા ગામના ડભરા વિસ્તારમાં આવેલા આરકેએમ પાવરજેન પ્રાઈવેટ લિમિટેડ પ્લાન્ટમાં બની

। રાયપુર, તા.૯ ।

છત્તીસગઢમાં આજે મોટી દુર્ઘટના સર્જાઈ છે. સક્તી જિલ્લામાં એક પ્રાઈવેટ પાવર પ્લાન્ટમાં લિફ્ટ તૂટી પડી છે. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના અંગે પોલીસે જણાવ્યું કે, આ દુર્ઘટના ઉચ્ચપિંડા ગામના ડભરા વિસ્તારમાં આવેલા આરકેએમ પાવરજેન પ્રાઈવેટ લિમિટેડ પ્લાન્ટમાં બની છે. સક્તી જિલ્લાના એસપી અંકિતા શર્માએ જણાવ્યું કે, ૧૦ કર્મચારીઓ પોતાની શિફ્ટ પૂરી કરીને નીચે ઉતરી રહ્યા હતા ત્યારે અચાનક લિફ્ટ ધરાશાયી થઈ ગઈ હતી. દુર્ઘટના બાદ ઘાયલોને રાયગઢની જિંદલ ફોર્ટિસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન ચાર લોકોના મોત થઈ ગયા છે. બીજી તરફ અન્ય છ ઘાયલોની સારવાર ચાલી રહી છે.

## બોમ્બે હાઈકોર્ટે શિલ્પા શેટ્ટી અને રાજ કુંદ્રાને આપ્યો આદેશ

### બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રા સામે ૬૦ કરોડની છેતરપિંડીનો આરોપ લાગ્યો છે

। નવી દિલ્હી, તા.૯ ।

બોમ્બે હાઈકોર્ટે અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેમના પતિ રાજ કુંદ્રાને લોસ એન્જલસ અને અન્ય વિદેશી યાત્રા કરવા માટે પહેલા ૬૦ કરોડ રૂપિયા જમા કરવા માટે આદેશ આપ્યો છે. આ આદેશ ત્યારે આવ્યો છે જ્યારે દંપત્તી સામે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે ફરિયાદ નોંધાઈ છે. તેમણે આ એફઆઈઆરની સામે એલઓસીને રદ કરવા માટે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. જોકે હાઈકોર્ટ દ્વારા તેમને હવે મોટો ઝટકો લાગ્યો છે. આ મામલે શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રા સામે સતત પૂછપરછ કરવામાં આવી રહી છે. મંગળવારે એક્ટ્રેસની સતત ચાર કલાક પૂછપરછ કરવામાં આવી હતી. આ પૂછપરછ એક્ટ્રેસના ઘરે જ કરવામાં આવી હતી. શિલ્પા શેટ્ટી અને રાજ કુંદ્રા સામે બિઝનેસમેન દીપક કોઠારીએ હાલમાં જ એક છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

**વિશેષ** ‘રિજનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન્સ’ સાથે બે દિવસીય પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ સહભાગી થયા

# મહેસાણામાં ઉત્તર ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### વડાપ્રધાનશ્રીએ આપેલા વોકલ ફોર લોકલ - લોકલ ફોર ગ્લોબલ અને આત્મનિર્ભર ભારતનો ધ્યેય રિજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ પાર પાડશે :- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સનો મહેસાણા જિલ્લાથી પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ‘વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલ’ના ધ્યેય આવી કોન્ફરન્સને સુપેરે પાર પાડશે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી ઉત્પાદનોને વેગ આપવાનું જે આહવાન કર્યું છે, તેમાં સ્થાનિક ઉદ્યોગો પણ સહભાગી થઈ શકે, એટલું જ નહીં પ્રાદેશિક ક્ષમતાઓ પણ વૈશ્વિક સ્તરે ઉજાગર થઈ શકે તે માટે આવી રિજનલ કોન્ફરન્સીસ એક સક્ષમ પ્લેટફોર્મ બનશે.

મુખ્યમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાતની રિજનલ કોન્ફરન્સની શૃંખલામાં ઉત્તર ગુજરાતની વીજીઆરસીનો પ્રારંભ મહેસાણાની ગણપત યુનિવર્સિટીના પરિસરથી કરાવ્યો હતો. આ બે દિવસીય કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય રેલવે અને માહિતી- પ્રસારણ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીશ્રીઓ તથા દેશ-વિદેશના વિવિધ ડેલિગેટ્સ તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓ પણ આ ઉદ્ઘાટન સત્રમાં જોડાયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં ઉત્તર ગુજરાતના પ્રદેશની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે યોજાયેલા ટ્રેડ શો અને પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું હતું.

‘રિજનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન્સ’ના ધ્યેયમંત્ર સાથે મહેસાણામાં શરૂ થયેલા બે દિવસીય પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે નવા જીઆઈડીસી એસ્ટેટ્સ અને સ્માર્ટ જીઆઈડીસીની જાહેરાત કરવામાં આવી હતી. ઉત્તર ગુજરાત સહિત અન્ય રિજિયનના ઈકોનોમિક માસ્ટર પ્લાન સહિત સંતુલિત પ્રાદેશિક વિકાસના ધ્યેય સાથે ધ્વૈ દ્વારા તૈયાર કરાયેલા ઉત્તર ગુજરાત અને અન્ય રિજિયનના ઈકોનોમિક માસ્ટર પ્લાનની બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારોહમાં એમઓયુ અને સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કરારો પણ એક્સચેન્જ કરવામાં આવ્યા હતા.

આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલિયન ડૉલર (નાણાકીય વર્ષ ૨૦૨૩)ના કદથી વધારીને ૩.૫ ટ્રિલિયન ડૉલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે.

આ પ્રાદેશિક માસ્ટર પ્લાન્સ દરેક ક્ષેત્રની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને અનુરૂપ, ફ્યુચરિસ્ટિક સેક્ટરને લક્ષ્ય બનાવશે.

આ અવસરે કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત, કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા જાણીતા ઉદ્યોગકારો, વિવિધ દેશોના રાજદૂતો, વૈશ્વિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વેપારી રાજ્ય તરીકેની ઓળખ બદલવા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩થી એક અભિનવ પહેલ રૂપે શરૂ કરાવેલી વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોતર સફળતાથી ગુજરાત ‘ગ્લોબલ ગેટ વે ટુ ધી ફ્યુચર’ બન્યું છે. એટલું જ નહીં ૨૪ વર્ષમાં ૬૮.૯ બિલિયન યુ.એસ ડોલર એફડીઆઈ અને દેશના વૈશ્વિક ઉત્પાદનમાં ગુજરાત ૧૮ ટકાના ફાળા સાથે અગ્રેસર છે.

તેમણે કહ્યું કે, રાજ્યમાં ઉદ્યોગ-ધંધા અને વેપારને વેગ મળે એ માટે શ્રી નરેન્દ્રભાઈએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, સ્કિલ્ડ મેનપાવર પર જોક આપીને તથા પ્રોએક્ટિવ પોલીસીથી ગુજરાતને પોલીસી ડ્રીવન સ્ટેટ બનાવ્યું છે.

વડાપ્રધાનશ્રી આપેલા ગુજરાતના વિકાસના વિઝન અને ક્ષમતા પર લોકોના વિશ્વાસ અને વૈશ્વિક અભિગમને કારણે ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બની ગયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના વિકાસના રોલ મોડલ ગુજરાતની જે પ્રાદેશિક વિશેષતાઓ અને ઉદ્યોગિક ઉત્પાદન ક્ષમતા છે, તેને પણ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી આપણે હવે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો આ ઉપક્રમ પ્રયોજ્યો છે.

આના પરિણામે, સ્થાનિક ઉત્પાદનોને વેગ મળશે, આત્મનિર્ભર ભારતનો મંત્ર સાકાર થશે તથા પ્રાદેશિક કક્ષાએ ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ આવતા વડાપ્રધાનશ્રીએ મેડ ઈન ઈન્ડિયા- મેક ફોર ધ વર્લ્ડનો જે વિચાર આપ્યો છે એ ગુજરાતના વિવિધ પ્રદેશો પોતાની આગવી પ્રોડક્ટ અને ઔદ્યોગિક ઉત્પાદનોથી સાકાર કરશે.

વર્ષ ૨૦૨૪માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલા એમઓયુમાંથી ૭૧૦૦ જેટલા એમઓયુ ઉત્તર ગુજરાત માટે થયા હતા, તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ એમઓયુના ૭૨ ટકા એટલે કે ૫ હજારથી વધુ પ્રોજેક્ટ તો કમિશન્ડ પણ થઈ ગયા છે.

તેમણે કહ્યું કે, ઉદ્યોગ અને ખેતી બેય માટે પાણી મહત્વનું છે એ વાત ઉત્તર ગુજરાતની ધરતીના પનોતા પુત્ર શ્રી નરેન્દ્ર ભાઈ સારી રીતે જાણતા હતા અને એટલે જ તેમણે સુજલામ સુફલામ યોજના, નર્મદા યોજના અને લિફ્ટ ઈરીગેશનની વિવિધ યોજનાઓથી ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડ્યું, એટલું જ નહીં જ્યોતિગ્રામ યોજના દ્વારા ૨૪ કલાક વીજળી પણ પહોંચાડી છે.

વીજળી અને પાણી મળતા આ વિસ્તારના ખેડૂતોને એકથી વધુ સિઝનલ પાક લેવાની તક મળી છે અને એગ્રીકલ્ચરમાં વેલ્યુ એડિશનના વડાપ્રધાનશ્રીના વિઝનથી ઉત્તર ગુજરાતમાં એગ્રો ઈન્ડસ્ટ્રી વિકસી છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ઉત્તર ગુજરાતની ખાસ કરીને રણ વિસ્તારની ભૂમિ જ્યાં સીધો સૂર્યપ્રકાશ પડે છે, તે સૂર્ય શક્તિના પોટેન્શિયલને સમજીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એશિયાનો તે સમયનો સૌથી મોટો સોલાર પાર્ક ચારણકામાં વિકસાવ્યો હતો.

બેચરાજી માંડલ અને વિઠલાપુરના ઉદ્યોગોથી વંચિત રહેલા વિસ્તારોને સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન બનાવીને આખા વિસ્તારને ઓટો મોબાઈલ ઉદ્યોગોથી ધમધમતા કરી વડાપ્રધાનશ્રીએ ગુજરાતને દેશના ઓટો હબ તરીકે પ્રસ્થાપિત કર્યું છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ સમિટને કારણે રાજ્યમાં મોટા ઉદ્યોગો આવ્યા તેને અનુરૂપ આનુષાંગિક નાના એમએસએમઈનો પણ વિકાસ થયો છે અને ૨૭ લાખથી વધુ એમએસએમઈ ગુજરાતમાં કાર્યરત છે. વડાપ્રધાનશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટની બે દાયકાની સફળતાને પ્રાદેશિક સ્તરે લઈ જવાની નેમ સાથે સ્થાનિક ઉદ્યોગોને ગ્લોબલ પ્લેટફોર્મ આપવાનો નિર્ધાર કર્યો છે. ઉત્તર ગુજરાતની આ કોન્ફરન્સમાં રીન્યુએબલ એનર્જી, ડેરી એન્ડ ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. આગામી સમયમાં યોજાનારી સૌરાષ્ટ્ર વિસ્તારની વીજીઆરસીમાં એન્જિનિયરિંગ, સિરામિક ઉદ્યોગો, બ્રાસ પાર્ટસ, ફિશરીઝ એન્ડ મરિન પ્રોડક્ટ્સ પર ફોકસ કરવામાં આવશે. દક્ષિણ ગુજરાતની આવી વીજીઆરસીમાં જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્સટાઈલ તથા ડાયમંડ ઈન્ડસ્ટ્રીને અને મધ્ય ગુજરાતમાં યોજાનારી વીજીઆરસીમાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ, ગ્રીન મોબિલિટી, કેમિકલ્સ, ઈવી જેવા ક્ષેત્રોને વિજીઆરસીથી વૈશ્વિક સ્તરે એક્સપોઝરથી સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ અને વિકસિત ભારત @૨૦૪૭ માટે આત્મનિર્ભર ભારતનું ચાલકબળ બનાવવા છે.

## તંત્રી લેખ...

# અખિલેશ યાદવે પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન સાથે મુલાકાત કરી

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે બુધવારે પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન સાથે મુલાકાત કરી. લાંબા સમય બાદ થયેલી આ મુલાકાતને સમાજવાદી પાર્ટી કેમ્પમાં ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા અખિલેશ યાદવે કહ્યું કે, હું જેલમાં આઝમ સાહેબને મળવા નહોતો જઈ શક્યો, પરંતુ હવે આવ્યો છું. આઝમ ખાન અમારી પાર્ટીની ધડકન છે. જૂના લોકોની વાત જ અલગ હોય છે. અખિલેશ યાદવે આગળ કહ્યું કે, આઝમ ખાન અને તેમના પરિવારને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા છે. સમાજવાદી પાર્ટી હંમેશા તેમની સાથે ઉભી છે. આ મુલાકાત બાદ અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર તસવીર શેર કરીને લખ્યું કે, ક્યા કહે ભલા ઉસ મુલાકાત કી દાસ્તાન જહાં બસ જઝ્બાતોને ખામોશી સે બાત કી. મુલાકાત બાદ અખિલેશ યાદવે કહ્યું કે, હું પહેલા નહોતો પહોંચી શક્યો, તેથી હું આજે તેમને મળવા અને તેમના હાલચાલ પૂછવા માટે તેમના ઘરે આવ્યો છું. આઝમ ખાન ખૂબ જ જૂના નેતા છે, અને જૂના નેતાઓની વાત જ કંઈક ખાસ છે. તેઓ આપણા પક્ષનું એક વૃક્ષ છે, જેમના મૂળ જેટલા ઊંડા છે, એટલો જ મોટો છાંયો અમારી સાથે છે.

## વિકાસ સપ્તાહ - અમદાવાદ જિલ્લો, પશુધનથી માનવ કલ્યાણઃ આરોગ્ય સુરક્ષાનો સંવેદનશીલ અભિગમ




। (માહિતી) અમદાવાદ ।

રાજ્ય સરકાર દ્વારા ઉજવાતું વિકાસ સપ્તાહ પર્વ રાજ્યના વિકાસના પાયામાં રહેલા જન કલ્યાણ અને સુરક્ષાના સંકલ્પને પ્રતિબિંબીત કરે છે. આર્થિક સમૃદ્ધિનું લક્ષ્ય ત્યારે જ સિદ્ધ થાય છે, જ્યારે પ્રજા અને પશુધનનું સ્વાસ્થ્ય સુરક્ષિત હોય. પશુધનનું આરોગ્ય સીધું માનવ સમુદાયના સ્વાસ્થ્ય સાથે જોડાયેલું છે; તેથી જ રોગ નિયંત્રણની કામગીરી હવે આર્થિક અને સામાજિક બંને વિકાસની ગેરંટી બની છે.

પશુપાલન વિભાગ પશુધનના સ્વાસ્થ્યની સંભાળ પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરીને માનવ સ્વાસ્થ્યને પણ ઘણા સંક્રમિત રોગો સામે બચાવ પૂરું પાડે છે. અમદાવાદ જિલ્લાની પશુપાલન ખાતાની ટીમ એક તરફ ક્રિમિયન-કોંગો હેમરેજિક ફીવર (CCHF) અને હડકવા (Rabies) જેવા જીવલેણ ઝૂનોટિક (ZoonOic) રોગો સામે સક્રિય સંરક્ષણ આપીને માનવ જીવનને સુરક્ષિત કરે છે, તો બીજી તરફ, પશુધનની તંદુરસ્તી જાળવીને લાખો પશુપાલકોની આર્થિક કરોડરજ્જુને પણ મજબૂત બનાવે છે. સંકટ સામે સજ્જતા અને સંવેદનશીલ વિકાસ સાથે 'વિકસિત ગુજરાત'ના નિર્માણમાં પશુપાલન વિભાગ પણ સક્રિય સહકાર આપે છે.

પશુપાલન વિભાગે બે જીવલેણ રોગો—ક્રિમિયન-કોંગો હેમરેજિક ફીવર (CCHF) અને હડકવા (Rabies) સામે જે ત્વરિત અને સંગઠિત અભિયાન ચલાવ્યું છે, તે વિકસિત ગુજરાતના સંકલ્પમાં નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ સ્થાન આપે છે.

આ અભિયાન માત્ર રોગ નિયંત્રણ પૂરતું સીમિત નથી, પરંતુ પશુધનની તંદુરસ્તી સુધારીને લાખો પશુપાલકોની આર્થિક આવકને પણ સુરક્ષિત કરે છે.

ક્રિમિયન-કોંગો હેમરેજિક ફીવર (CCHF) સામે ક્રાઈસિસ કંટ્રોલ

ગત ઓગસ્ટ માસમાં જિલ્લા પશુપાલન વિભાગે ક્રિમિયન-કોંગો હેમરેજિક ફીવર (CCHF) સામે 'યુદ્ધના ધોરણે' કામગીરી કરીને સંકટ સામેની સજ્જતા સાબિત કરી છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના પીસવાડા ગામમાં જ્યારે ક્રિમિયન-કોંગો હેમરેજિક ફીવર (CCHF)નો હ્યુમન કેસ નોંધાયો, ત્યારે પશુપાલન વિભાગે સમયનો વ્યય કર્યા વિના તત્કાળ એકશન પ્લાન અમલમાં મૂક્યો હતો.

માત્ર એક દિવસના ટૂંકા ગાળામાં એકશન લઈને મિશન મોડ પર કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કર્મચારીઓની તાત્કાલિક ગોઠવણઃ ૪ પશુ ચિકિત્સા અધિકારીઓ અને ૧૩ પશુધન નિરીક્ષકો સહિત કુલ ૨૫ કર્મચારીઓની ટીમો બનાવીને ગામમાં નિરીક્ષણ અને નિયંત્રણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

સંક્રમણ ચક્ર તોડ્યુંઃ CCHF ફેલાવતા જૂ (Ticks) ને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે પશુઓમાં જૂનાશક સ્પ્રે અને આઈવરમેક્ટીન (Ivermectin) ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. આ અભિયાન હેઠળ ૩૧૮થી વધુ પશુઓને ઈન્જેક્શન દ્વારા સુરક્ષા કવચ પૂરું પડાવામાં આવ્યું હતું. સમગ્ર પશુ સ્વાસ્થ્ય સુધારણાઃ આ રોગના જોખમને ધ્યાનમાં રાખીને ગામના ૫૭૭ ગાયો અને ૯૪૭ ભેંસો સહિત કુલ ૧,૫૨૪ પશુઓનું કૃમિ નિયંત્રણ (Deworming) અભિયાન હાથ ધરાયું હતું. કૃમિ મુક્ત થવાથી પશુઓની રોગપ્રતિકારક શક્તિમાં સુધારો થયો, જેણે તેમને અન્ય સંક્રમણોથી બચાવ્યા અને તેમની દૂધ ઉત્પાદકતા વધારી હતી. લોકસહયોગ થકી સુરક્ષાઃ ગામના લોકો માટે CCHFના જોખમ, જૂ નિયંત્રણની પદ્ધતિઓ અને સલામત પશુ સંચાલન માટે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેથી વિભાગની કામગીરીમાં લોકભાગીદારી સુનિશ્ચિત થઈ હતી.

આ ત્વરિત અને સચોટ કાર્યવાહીએ માત્ર જીવલેણ રોગના ફેલાવાને જ ના અટકાવ્યો, પણ ખેડૂતોના પશુધનને આર્થિક સુરક્ષા પણ આપી હતી.

હડકવા મુક્ત ગુજરાતઃ રાષ્ટ્રીય લક્ષ્યની સિદ્ધિ માટે સક્રિય ભૂમિકા

વિકાસ સપ્તાહની ઉજવણી લાંબા ગાળાના જન આરોગ્યના લક્ષ્યોને પણ સમર્પિત છે. હડકવા (Rabies) એક એવો જીવલેણ ચેપી વાયરલ રોગ છે, જેનો એકમાત્ર અટકાવ રસીકરણ દ્વારા જ શક્ય છે. પશુપાલન વિભાગે આ રાષ્ટ્રીય લક્ષ્યની સિદ્ધિ માટે સક્રિય ભૂમિકા ભજવી છે.

### એની ઈચ્છા અનિચ્છા જાણવાની કોશિશ કરવી એની પર કોઈ વાત થોપવી નહીં.

# શ્રીમદ્ ભાગવતમાં પંચ યજ્ઞની વાત છે, અને એમાંના ભૂતયજ્ઞ થકી પ્રકૃતિ સંવર્ધન થઈ શકે છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શ્રીમદ ભાગવતમાં પંચ યજ્ઞની વાત કરવામાં આવી છે. ભૂતયજ્ઞ એ પ્રકૃતિ સંવર્ધન માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃ યજ્ઞ આ પાંચ યજ્ઞ દરેક મનુષ્ય એ રોજ કરવા જોઈએ, એવું આપણાં શ્રીમદ ભાગવતમાં કહ્યું છે, અને આ મુજબ કરવાથી સંસારીની નિત્ય વૈદિક ઉપાસના સિદ્ધ થાય છે.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ પર્યાવરણ દિવસ ગયો અને હવે વ્રતનો દિવસો પણ શરૂ થશે.તો આ વખતે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધનનું વ્રત રાખવામાં આવે તો કેવું રહે! વ્રત આપણી સંસ્કૃતિનો એક બહુ મોટો આધાર ગણાતો, પણ આપણી સ્વાદ વૃત્તિએ વ્રતને પણ અભડાવી દીધું એમ કહી શકાય! ખેર આપણે આજે એની પર વાત નથી કરવાની, પણ! પ્રદૂષિત વાતાવરણને કારણે માનવ જાતના અસ્તિત્વ પર ખતરો તોળાઈ રહ્યો છે. સંસ્કૃતિની રીતે પણ આજે હિન્દુને ખુદને હિન્દુ સંસ્કૃતિ વિશે ખબર નથી, સનાતન ધર્મ કોને કહેવાય એ ખબર નથી! ઉપરથી ભારતમાં બિનસાંપ્રદાયિકતાને કારણે અન્ય ધર્મની સંસ્કૃતિઓ કટ્ટરતાને કારણે ઉપર આવી રહી છે, ત્યારે હિન્દુ પોતે હિન્દુ હોવાનો કોઈ ગર્વ અનુભવતો નથી. ઉપરથી ભોગ વિલાસ,કે સ્વાદને નામે કેટલુંય અપનાવી લીધું હોવાથી, યુવાનોમાં નાની ઉંમરથી બીપી ડાયાબિટીસ અને એબોસિટી જેવા રોગ થાય છે. એટલે એમ કહો કે સનાતન ધર્મનું આખું માળખું જ બગડી ગયું છે.પણ વ્રતનાં આ દિવસો દરમિયાન સંસ્કૃતિ કરતાં પણ પ્રકૃતિ સંવર્ધન બહુ જરૂરી છે, એટલે એની પર ચિંતન કરીશું. પ્રકૃતિ સંવર્ધન માટે નિસ્વાર્થ ભાવ કેળવવો પડશે, જેની પ્રેરણા આપણને ખુદ પ્રકૃતિ જ આપે છે!: કે જેની પાસેથી આપણે સતત આટલા વર્ષોથી લીધું છે, પણ આપવાને નામે કંઈ જ આપ્યું નથી. પ્રકૃતિ સન્મુખ થઈને જરા વિચારીએ તો ખબર પડે કે લેણદેણનાં આ યુગમાં વિચારીએ કે કે સૂર્ય મને રોજ પ્રકાશ આપે છે! વનસ્પતિ મને ફળ ફૂલ આપે છે, નદીનાળાં મને પાણી આપે છે, પૃથ્વી મને આશ્રય આપે છે, આકાશ મને છત આપે છે,હવા મને ઓક્સિજન આપે છે, પણ હું એને શું આપું છું? કંઈ એટલે કંઈ જ નહીં! ચાલો માની લઈએ કે આપણી તેને આપવાની કંઈ ઔકાત નથી, એટલે આપણે સૂર્યને શું આપી શકીએ! આપણે હવાને કંઈ આપી શકીએ નહીં, પરંતુ એની શુદ્ધતાનું, એની નિસ્વાર્થતાનું જતન તો કરી શકીએ! વિશ્વનાં બધા ધર્મો કરતા હિન્દુ સનાતન ધર્મ આગળ સૌથી વધુ વૈદિક શાસ્ત્રો છે. શ્રીમદ ભાગવતમાં પંચ યજ્ઞની વાત કરવામાં આવી છે. ભૂતયજ્ઞ એ પ્રકૃતિ સંવર્ધન માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃ યજ્ઞ આ પાંચ યજ્ઞ દરેક મનુષ્ય એ રોજ કરવા જોઈએ, એવું આપણાં શ્રીમદ ભાગવતમાં કહ્યું છે, અને આ મુજબ કરવાથી સંસારીની નિત્ય વૈદિક ઉપાસના સિદ્ધ થાય છે. આપણે માત્ર ભૂતયજ્ઞ કરીને, એટલે કે આવા નાના નાના પ્રયોગ કરીને પ્રકૃતિ સંવર્ધન કંઈ રીતે થઈ શકે છે એ જોઈએ. ભૂતયજ્ઞનો સીધોસાદો અર્થ જીવદયા થાય! આપણે પ્રકૃતિને સૃષ્ટિ રૂપે જોઈએ તો અહીં એક ઉપભોગ અને ઉપભોક્તા જેવી સાયકલનું નિર્માણ થાય છે, એટલે સમગ્ર સૃષ્ટિમાં જે કોઈ જીવ છે, એ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા, કંઈ ને કંઈ અહીંથી જ મેળવે છે, એટલે કે કાળ અને કોળિયાનું આ ચક્ર ચાલતું રહેવું બહુ જરૂરી છે, અને એ રીતે આ સાયકલ ચાલે છે, પણ માનવીને મરવું નથી,અને એટલે ઉંદરને મરવું પડે છે! એટલે કે વૈજ્ઞાનિક શોધનાં પ્રયોગો ઉંદર ઉપર થાય છે, અને જે સંવેદના વિહિન કૃત્ય છે, ખેર છોડો,પણ છે અપરાધ! અને આવાં તો નાનાં મોટા કેટલાય અપરાધ આપણે કર્યા અને હજી શોધને નામે કરતા જ જઈએ છીએ. પણ સાયકલ મુજબ ઉંદર નાના નાના જીવ જંતુ ખાય, તો બિલાડી ઉંદરને અને બિલાડીને કૂતરો ખાય, આમ એક પણ જાતિનો ઉપદ્રવ વધે નહીં, એ માટે આ ચક્ર છે! માનવી પોતાની રીતે આ અન્ય જીવ કે જે સૃષ્ટિ પર આધારિત છે, એને જીવદયાને નામે કંઈ ને કંઈ નીરતો રહે, તો આ શાકાહારીનું ચક્ર પણ ચાલતું રહે, અને તો જ સૃષ્ટિમાં સંતુલન બની રહે. આપણે ત્યાં કીડીયારું પૂરવાનો રીવાજ હતો, ચબૂતરા પર ચણ નાખવામાં આવતું, ગાય કૂતરાની રોટલી નીકળતી, કૂતરી બચ્ચાને જન્મ આપે એટલે એને શીરો આપતા, ગાયને રોજ ઘાસ આપવામાં આવતું,અને એ રીતે આ પ્રાણીઓનાં રહેણાંક આપણી આસપાસ બની રહેતાં, કારણ કે આ પ્રાણીઓનાં મળમૂત્રથી ભૂમિની ફળદ્રુપતા બની રહેતી, માટે એમનું હોવું આવશ્યક છે.અળસિયા પણ જમીનની ફળદ્રુપતા વધારે છે,અને અમુક લોકો એનાં ઉછેર કેન્દ્ર પણ ચલાવે છે. અમુક પંખીની ચરક પણ ઉપયોગી સાબિત થાય છે, અને ગાયનાં છાણ જેવું બીજું કોઈ ઉત્તમ ખાતર નથી! જે જમીનની ફળદ્રુપતા ચાલી ગઈ હોય ત્યાં, એકધારું આ ખાતર નાખવાથી સારા પરિણામ આવે છે. સમયે સમયે જમીનમાં મીઠું નાખવું, દૂધ પાણી કે જે આપણે શંકર અભિષેક માટે વાપરીએ છીએ, એનો પ્રયોગ કરવાથી વીટામીન સી વાળા ફળ વધુ ઉગે છે, આ બધું જમીનને સ્વસ્થ રાખે એવા નાના પ્રયોગ છે, અને જે આપણે કરી શકીએ છીએ. આપણને એમ થાય કે આપણે ક્યાં ખેતી કરવી છે! પણ આ બધું જમીનમાં ઉતરશે તો દિવસે ને દિવસે અંદરથી જે પ્લેટ સરતી જાય છે, અને જેને કારણે ભૂકંપ અને જ્વાળામુખીની શક્યતા વધે છે, એ ઘટશે. જમીનને પુરતું પાણી મળશે તો તાપમાન મેન્ટેઈન થશે, અને એ રીતે વાતાવરણ પણ સંતુલિત રહેશે. એ ઉપરાંત પીપળો, વડ, લીમડો, આંબો, આસોપાલવ, તુલસી બધા વધું ને વધું ઓક્સિજન આપતા વૃક્ષોનું વાવેતર વધારી શકાય! કમસે કમ પાંચ વૃક્ષને પાણી આપવું,એકાદ રખડતા ઢોરને ભોજન આપવું,અને પંખીને ચણ નાખવું, એટલું એક એક વ્યક્તિ કરે તો પણ પ્રકૃતિ સંવર્ધન થાય! બીજું સ્વચ્છતાનો આગ્રહ પણ જરૂરી છે! ગમે ત્યાં કચરો નાખવાથી એક જગ્યાએ કોહવાઈને વાતાવરણમાં કાર્બન મોનોક્સાઈડ તેમજ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધારે છે એટલે કચરાનો યોગ્ય નિકાલ કરવો, પ્રકૃતિ જન્ય પદાર્થ અને પ્રાકૃતિક સૌંદર્યની જાળવણી કરવી, એટલે કે પર્વત, નદી, ડેમ, વગેરે સ્થળે ફરવા જઈએ ત્યાં કોઈપણ જાતનો કચરો નાખવો નહીં. પ્રકૃતિ એટલે સ્ત્રી અને એ રીતે જોઈએ તો સ્ત્રી એટલે લાગણી અને આ લાગણી થકી જ પ્રકૃતિ હરીભરી રહે છે. સ્ત્રીની આંતરિક પ્રકૃતિને સંતુલનમાં રાખવા એને પ્રેમ આપવો! એટલે કે તેની લાગણીઓને માન આપવું, એની ઈચ્છા અનિચ્છા જાણવાની કોશિશ કરવી એની પર કોઈ વાત થોપવી નહીં. હવે તો દીકરીઓની બાબત સમાજ સુધરતો જાય છે, પણ અમુક વર્ગ હજી પત્ની કે પૂત્રવધૂને એટલું માન સન્માન અને પ્રેમ આપી શકતાં નથી, અને આ લાગણીની તૂટ પ્રકૃતિ રૂપી સ્ત્રીને નિરસ બનાવે છે, ફળદ્રુપતા ઘટાડે છે, અને ક્યારેક વ્યાભિચાર પણ કરાવે છે! જે સૌથી મોટો ખતરો છે, અને જે હવે શરૂ થઈ ચૂક્યો છે. માનવજાતનું અસ્તિત્વ બચાવવું હોયતો બંને રીતે પ્રકૃતિનું સંવર્ધન કરવું ખૂબ જ જરૂરી છે, એટલે કે જ્યાં પંચ મહાભૂત સાક્ષાત છે એ પ્રકૃતિ, અને જે પ્રકૃતિ રુપી સ્ત્રી પંચમહાભૂતને જન્મ આપે છે, એ પ્રકૃતિનું સંવર્ધન અને સંરક્ષણ જરૂરી છે, લાગણી રૂપી ખાતરથી એને પાછી વાળી શકાય તેમ છે. બીજું કંઈ નહીં તો રોજ કંઈક ને કંઈક કોઈને પણ આપીને પછી આપણે ભોગવવું એવું નાનકડું એક વ્રત પણ બધી જ રીતે આપણને ખૂબ જ મદદરૂપ થાય છે, નિત્ય અનુસરવામાં આવે તો સંકલ્પ પણ પૂર્ણ થાય. આપણે સૌ વ્રતની રીતે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધન પૂર્ણ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો

# ઘરમાં રહેલી વસ્તુ ભજનમાં વિઘ્ન કરતી નથી, પણ મનમાં રહેલી વસ્તુ વિઘ્ન કરે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે. જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થનથી. જુવાનીમાં સંપત્તિ છે,સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય. વૈષ્ણવ,સુખસંપત્તિ, સ્ત્રીપુત્રાદિક આ બધું છે. પરંતુ આંખ બંધ થાય ત્યારે આમાંનું કાંઈ નથી જન્મ પહેલાં જીવનાં કોઈ સગાં ન હતાં અને મૃત્યુ પછી કોઈ સગાં રહેવાના નથી. પ્રારંભમાં અને પરિણામમાં કોઈ નથી. આ વચ્ચે માયા ભરમાવે છે.**

જ્ઞાનની સાત ભૂમિકાઓ યોગ વશિષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છેઃ૧. શુભેચ્છા,૨. સુવિ ચારણા, ૩. તનુ માનસા,૪. સત્ત્વા પત્તિ,૫.અસંસક્તિ,૬.પદાર્થ ભાવિની,૭.તુર્યગા.૧. શુભેચ્છા ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગ દર્શન પ્રમાણે આત્માનોસાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા ૨.સુવિચારણાઃસદગુરુએ ઉપદેશ કરેલાં વચનોનો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા. ૩.તનુમાનસા શ્રવણ,મનનએ નિદિધ્યાસનથી શબ્દાદિવિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે બુદ્ધિની તનુતા-સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. ૪.સત્ત્વાપત્તિઃઉપરના ત્રણથી સાક્ષાત્કાર પર્યંતની સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વાપત્તિ.જ્ઞાનની ચોથી ભૂમિકા વાળો પુરુષ બ્રહ્મવિત્ કહેવાયછે. ૫.અસંસક્તિઃચિત્ત વિશેપરમાનંદ અને નિત્યાપરોક્ષ એવી બ્રહ્માત્મ ભાવનાનો સાક્ષા ત્કાર તે અસં સક્તિ.એમાંઅવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ.૬.પદાર્થ ભાવિની પદાર્થોની દૃઢ અપ્રતીતિ થાય છે તે.૭.તુર્યગાઃત્રણ અવસ્થાથી મુક્ત, બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા.

આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે.બાકીની ચાર જ્ઞાન કોટિની છે.ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો,જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે,અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે.ઋષભ દેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો.બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા.

ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગ્નિમાં સમજપૂર્વક પ્રવેશકર્યો દેહ બળે છે,આત્માને કંઈ થતું હોય નથી.આવી આત્મનિષ્ઠાએ પરમ હંસો માટે છે.ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી. ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા. જેના નામ પરથી આ દેશનું નામ ભરતખંડ પડયું છે.ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે. તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવતભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો. ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી.ભરતજી મહાવૈષ્ણવ હતા,તો પણ યજ્ઞ કરતા હતા. અગ્નિ તો ઠાકોરજીનું મુખ છે.ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રીકૃષ્ણના ચરણમાં અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભુને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી.ઈશ્વરની સાથે ખૂબ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્યપરમાત્મા ને અર્પણ કરી શકો. પત્ની મહેનત વધુ કરે છે પણ તેનું ફળ આપે છે પતિને, તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભુને સમર્પે છે.સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે. સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી.ભરત નિષ્કામ ભાવથી કર્મ કરતાં અને તેનું પુણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા. ભરતજી હરેક સત્કર્મની સમાપ્તિ વખતે બોલતા કે,આ કર્મથી મારા પ્રભુ પરમેશ્વર પ્રસન્ન થાઓ.આ કર્મની સાથે કાંઈ લેવાદેવા નથી. એક દિવસ ભરતજીને જુવાનીમાં વૈરાગ્ય થયો.જુવાનીમાં વૈરાગ્ય આવે તે જ સાચો.ભક્તિ જુવાની માં જ થાય.વૃદ્ધાવસ્થામાંશરીરમાં શક્તિ ન હોય ત્યારે તમે ભક્તિ કરી શકશો નહીં.તપશ્ચર્યા યૌવન માં થાય તે ખરી.શરીર દુર્બળ થયું પછી બ્રહ્મચર્ય પાળે તો કોઈ અર્થ નથી રામચંદ્રજી યુવાનીમાં વનમાં ગયા છે.વનવાસ વખતે રામજીની ઉંમર ૨૭ વર્ષની અને સીતાજી ૧૮ વર્ષનાં હતાં. રામજીએ યુવાની માં રાવણને માર્યો.તમે પણ યુવાનીમાં રાવણને,કામને મારો.

વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે. જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થનથી. જુવાનીમાં સંપત્તિ છે,સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય. વૈષ્ણવ,સુખસંપત્તિ, સ્ત્રીપુત્રાદિક આ બધું છે.પરંતુ આંખ બંધ થાય ત્યારે આમાંનું કાંઈ નથી જન્મ પહેલાં જીવનાં કોઈ સગાં ન હતાં અને મૃત્યુ પછી કોઈ સગાં રહેવાના નથી. પ્રારંભમાં અને પરિણામમાં કોઈ નથી.આ વચ્ચે માયા ભરમાવે છે.

ભરતજી હજી તો યુવાન છે.ત્યાં તેમને થયું કે સંસારનું સુખ મેં ઘણું ભોગવ્યું.હવે વિવેકથી તેનો ત્યાગ કરીશ. વિષયો જબરજસ્તી થી છોડવા પડે તો દુઃખ થાય છે. બુદ્ધિપૂર્વક વિષયનો ત્યાગ કરો તો તે શાંતિ આપે છે.વિષયો આપણને છોડીને જાય તો તે અશાંતિ આપે છે.વિષયોને આપણે છોડીએ તો શાંતિ મળેછે છ વસ્તુઓમાં પરમાત્માએ માયા રાખીછે. આ છ વસ્તુમાં મનફસાય છેઃ૧.ભોજનમાં,૨.દ્રવ્યમાં ૩.કપડાંમાં ૪. સ્ત્રીમાં,૫.ઘરમાં, ૬. પુસ્તકમાં. છેલ્લાં બે ગૌણ છે. પહેલાં ચાર પ્રધાન છે.આમાં સ્ત્રી ની નિંદા નથી,કામસુખની નિંદાછે. ઈશ્વરની માયા વિચિત્ર છે.ભરત મુનિએ રાજ્ય છોડ્યું, રાણીઓ છોડી,સર્વસ્વનો ત્યાગ કર્યો અને વનમાં આવ્યા.ત્યાં વનમાં હરણ ઉપર સ્નેહ થયો. હરણબાળ ઉપરની આસક્તિથી તેમના ભજનમાં ભંગ થયો અને તેમને મૃગયોનિમાં જન્મ લેવો પડયો. જગતના કોઈ પદાર્થમાં એટલો સ્નેહ ન કરવો કે,જે સ્નેહ તમારી પ્રભુભક્તિમાં વિઘ્ન કરે.માટે ઘર માં કોઈને પણ રાખજો,પણ મન માં કોઈને રાખશો નહીં. કોઈને રાખશો તો તે પ્રભુ ભજનમાં વિઘ્ન કરશે.

ભરતમુનિના મનમાં હરણ માટે આસક્તિ થઈ અને તે તેના પુનર્જન્મનું કારણ બની.સંકલ્પ એટલે કે વાસના પુનર્જન્મનું કારણ બને છે. મનમાં વસ્તુ પ્રવેશે એટલે મનમોહન ત્યાંથી નાસી જાય છે.શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા કે, સંસારમાં નાવની જેમ રહેવું જોઈએ. નાવ પાણી ઉપર રહે તો તે તરે છે.જો પાણીનાવમાં આવે તો નાવ ડૂબી જાય.તે પ્રમાણે તમે સંસારમાં રહો,પણ સંસાર તમારામાં ન રહેવોજોઈએ એટલે કે નિર્લેપપણે સંસારમાં રહો. આ સંસાર એ નાવડી છે, સંસારએ સમુદ્ર છે. વિષયોએ જળરૂપ છે.વિષયોનું ચિંતન કરવાથી નાવમાં ગાબડું પડે છે. મમતા બંધન કરે છે. બંધન મનને છે.મન મરે તો મુક્તિ મળે.આત્મા ને બંધન નથી.આત્મા તો સદા મુક્ત જ છે.પ્રતિકૂળ સંજોગોમાં પણ ભજન કેવી રીતે કરવું તે પ્રહલાદે જગતને બતાવ્યું અને અનુકૂળ સંજોગોમાં પણ જો મનુષ્ય સાવધ ન રહે, તો તેનાથી ભજન કરી શકાતુંનથી એ ભરત ચરિત્રથી જાણવા મળે છે.ઘરમાં રહેલી વસ્તુ ભજનમાં વિઘ્ન કરતી નથી, પણ મનમાં રહેલી વસ્તુ વિઘ્ન કરે છે.ઘર છોડીને ગયેલા મહાત્માઓને માયા કેવી રીતે પજવે છે તેની આ કથા છે. ભરતજી ગંડકી નદીના કિનારે આદિનારાયણ ભગવાનની આરાધના કરે છે.ગંડકીને શાલિગ્રામી પણ કહે છે.ઈશ્વર વિના બીજા કોઈનો સાથ હશેતો ઈશ્વર ભજનમાં વિક્ષેપ કરશે. જેને તપ કરવું છે તે એકલો તપ કરે પણ હું એકલો નથી. મારા ભગવાન મારી સાથે છે એવો દૃઢ વિશ્વાસ રાખે. ઈશ્વર સિવાય બીજાનો સાથ રાખશો તો દુઃખી થશો.ભરતજી એકલા તપ કરવા ગયા.રોજ ભરતજી મુહૂર્તમાં સ્નાન કરે છે. કેડપુર જળમાંઊભા રહી સૂર્ય નારાયણનું ધ્યાન કરે છે,અને ગાયત્રી મંત્રનો જપ કરે છે.

સમસ્ત સ્થાવર-જંગમનો આત્મા સૂર્ય છે.સૂર્યનારાયણની કૃપાથી બુદ્ધિ સુધરે છે.માટે સૂર્યનારાયણ ની ઉપાસના કરવી જોઈએ. આપણે સર્વ સૂર્યનારાયણના ઋણમાં છીએ. સૂર્યનારાયણ સમસ્ત જગતને પ્રકાશ આપે છે, પણ તે વીજળી કંપની માફક બિલ મોકલતા નથી. સૂર્યભગવાન રવિવારે પણ રજા લેતા નથી. જે દિવસે તે રજા લેશે, તે દિવસ જગતનો પ્રલય થશે.સૂર્ય પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. એક દિવસ મનુષ્યો અને કાગડાઓમાં ઝઘડો થયો. કાગડો કહે, તમારામાં બુદ્ધિ વધારે છે,પણ તમારા કરતાં એક ગુણ અમારામાં વધારે છે.અમે સૂર્યોદય પહેલાં ઊઠીએ છીએ. આમ કાગડો મનુષ્ય કરતાં શ્રેષ્ઠ સાબિત થયો.સૂર્ય ઊગતાં પહેલાં સ્નાન કરી સૂર્યનારાયણને અર્ધ્યદાન કરો.

# પૃથ્વી પર ગુરુત્વાકર્ષણને મ્હાત આપતી રોમાંચક અને રહસ્યમય જગ્યાઓ



સદીઓથી આપણે વિજ્ઞાનમાં ભણ્યા છીએ કે પૃથ્વી પર બધી વસ્તુઓ ગુરુત્વાકર્ષણના કારણે ટકી રહે છે. એટલુંજ નહીં બ્રહ્માંડમાં પણ ગ્રહો એકમેક સાથે પોતાના ગુરુત્વાકર્ષણને કારણે નિશ્ર્ચિત સ્થાને ગોઠવાયેલા રહે છે. વિજ્ઞાને એ પણ શોધી કાઢ્યું છે કે સૂર્યમાળાના વિવિધ ગ્રહો ઉપર ગુરુત્વાકર્ષણ વધતું ઓછું હોય છે, પણ પૃથ્વી પર દરેકે ઠેકાણે એક સરખું આકર્ષણ બળ હોય છે.બરાબર ને? તેમ છતાં, પૃથ્વી પર પણ કેટલીક જગ્યાઓ એવી જોવામાં આવી છે જ્યાં ગુરુત્વાકર્ષણ બળના માન્ય સિદ્ધાંતથી વિપરીતઘટનાઓજોવા મળે છે.ચાલો, જાણીએ પૃથ્વી પર એવી જગ્યાઓ વિશે જ્યાં આપણે ગુરુત્વાકર્ષણ વિરુદ્ધનો અનુભવ કરી શકીએ છીએ. શરૂઆત આપણા દેશથી જ કરીએ. નવાઈ લાગી ને? હા, આપણા દેશમાં પણ એવું સ્થળ છે જ્યાં આપણે વિજ્ઞાનને વિપરીત થતું જોઈ શકીએ. માઉન્ટ અરાગાટાસ, તુર્કીની સરહદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત માઉન્ટ અરાગાટાસ એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયું છે. એવું લાગે છે કે આ નાના વિસ્તારમાં ગુરુત્વાકર્ષણના નિયમો અદૃશ્ય થઈ ગયા. અહીં નદીનું પાણી નીચેથી ઉપર તરફ વહે છે. જો તમે કારને ન્યુટ્રલ પર મુકો તો કોઈપણ ડ્રાઈવર વિના, આપમેળે તે ઉપર તરફ ચઢવા લાગે છે. જો તમે બોટલને જમીન પર મુકો, તો તે ફરીથી ઉપર તરફ ગબડવા માંડશે. નીચે ચાલવા કરતાં ટેકરી ઉપર ચઢવું સહેલું લાગે છે. અરાગાટ્સના રહસ્ય વિશે ઘણા અનુમાન અને સિદ્ધાંતો છે. આ જગ્યાએ શું થઈ રહ્યું છે અને તે કેવી રીતે શક્ય છે? કેટલાક લોકોમાને છે કે આ ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણ ભંગ થાય છે, જ્યારે અન્ય લોકો માને છે કે અહીં કેટલાક વિશિષ્ટ ચુંબકીય ક્ષેત્રો છે. કેટલાક તો એલિયન્સના અસ્તિત્વ અને આ વિસ્તારમાં યુએફઓના ઉતરાણમાં પણ વિશ્ર્વાસ રાખે છે.

# બ્લડ પ્રેશરથી લઇને ડાયાબિટીસના લોકો માટે છે બેસ્ટ, જાણો જબરજસ્ત ફાયદાઓ



તમે ક્યારે કાળા ટામેટા વિશે સાંભળ્યુ છે? આમ, તમને જણાવી દઈએ કે કાળા ટામેટા ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કાળા ટામેટા તમે રેગ્યુલર ખાવાથી આદત પાડો છો તો હાર્ટ એટેક આવવાનું જોખમ ઓછુ થઈ જાય છે. ભારે કરીઃ ટામેટાના ખેતરમાં ચોર ટોળકીએ રાતે ધાડ પાડી, અઢી લાખનો પાક ઉપાડી ગયાં. ટામેટા વગરનું શાક બનાવવા ગૃહિણીઓ મજબૂર, હદ કરીઃ હવે રાશનની દુકાન પર ટામેટા મળશે, ૬૦ રૂપિયે કિલો ખરીદી શકશો. અનોખો વિરોધઃ કોંગ્રેસના નેતાઓ સૂટકેસ અને બંદૂક લઈને શાકમાર્કેટમાં ટામેટા ખરીદવા પહોંચ્યા.

**Benefits of Black Tomatoes:** તમે આજ સુધી લાલ ટામેટા અને લીલા ટામેટા જોયા હશે અને ખાધા હશે, પરંતુ આજે અમે તમને કાળા ટામેટા વિશે જણાવીશું. લાલ ટામેટા જેમ રસોઈનો ટેસ્ટ વધારે છે એમ કાળા ટામેટા હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. કાળા ટામેટાને અંગ્રેજીમાં રોઝ ટોમેટો કહેવામાં આવે છે. આ ટામેટાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ટામેટા જેનેટિક મ્યૂટેશન દ્રારા બનાવવામાં આવે છે. આ પણ વાંચોઃબાળકને એકસ્ટ્રા એક્ટિવિટી કરાવો છો? જાણો આ ટામેટા કેટલા રંગ બદલે છે. વાત કરવામાં આવે તો કાળા ટામેટા બાકીના ટામેટાની જેમ ઉગાડવામાં આવે છે, પરંતુ રંગ બદલવાની પક્રિયા બીજા ટામેટાની તુલના કરતા અલગ છે. સૌથી પહેલા આ ટામેટા લીલા રંગના થાય છે, જે ધીરે-ધીરે લાલ અને પછી કાળા થાય છે. તમે જ્યારે આ ટામેટાને કટ કરીને જુઓ છો ત્યારે અંદરનો ભાગ લાલ ટામેટી જેમ લાલ દેખાય છે. જો કે આમાં મળતા પોષક તત્વો લાલ ટામેટાની તુલના કરતા ઘણાં અલગ છે.

બ્લડ પ્રેશર કંટ્રોલમાં કરે, કાળા ટામેટામાં પ્રોટીન, વિટામીન એ, મિનરલ્સ અને બીજા અનેક પ્રકારના એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે વ્યક્તિના બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખવાનું કામ કરે છે. તમને ડાયાબિટીસ છે તો તમે આ ટામેટા ખાવાનું શરૂ કરી દો. આ રામબાણ ઈલાજ છે. આ શરીરમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કાળા ટામેટામાં વિટામીન એ અને વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે, જેનું સેવન કરવાથી આંખોની રોશની વધે છે. કાળા ટામેટા તમારી આંખોને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તમારા ચશ્માના નંબર વધારે છે તો તમે કાળા ટામેટા ખાવાનું શરૂ કરી દો, જે હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે.

કાળા ટામેટા ખાવાથી હાર્ટ એટેક આવવાનું જોખમ ઘટી જાય છે. કાળા ટામેટામાં એન્થોસાઈનિન હોય છે જે હાર્ટ એટેકથી બચાવવામાં મદદ કરે છે.નિયમિત તમે કાળા ટામેટાનું સેવન કરો છો.

# નાગપુરમાં 'ઝુંડ' ફિલ્મના અભિનેતા પ્રિયાંશુની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા




। મુંબઈ, તા.૯ ।

હિન્દી ફિલ્મ 'ઝુંડ'માં 'બાબુ છેત્રી'ના પાત્ર માટે પ્રખ્યાત થયેલા અભિનેતા પ્રિયાંશુ ઉર્ફે બાબુ રવિસિંહ છેત્રીની નાગપુરમાં દારૂ પીતી વખતે થયેલા ઝઘડા બાદ મિત્ર દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.બુધવારે વહેલી સવારે આ ઘટના બની હતી અને પોલીસે આરોપી ધ્રુવ લાલબહાદુર સાહુ (૨૦)ની ધરપકડ કરી હતી.૨૧ વર્ષના અભિનેતા પ્રિયાંશુએ ૨૦૨૨માં રિલીઝ થયેલી બિગ બી અમિતાભ બચ્ચન અભિનિત અને નાગરાજ મંજુળે દિગ્દર્શિત બાયોલોજિકલ સ્પોર્ટ્સ ફિલ્મમાં તેની ભૂમિકા માટે પ્રશંસા મેળવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રિયાંશુ છેત્રી અને આરોપી સાહુ નજીકના મિત્ર હતા અને તેઓ ઘણીવાર સાથે દારૂ પીતા હતા.મંગળવારે મોડી રાતે સાહુની મોટરસાઈકલ પર બંને જણ દારૂ પીવા માટે જરીપટકા વિસ્તારમાં એક બંધ ઘરમાં ગયા હતા. બુધવારે વહેલી સવારે પ્રિયાંશુ ઘાયલ અવસ્થામાં મળી આવ્યો હતો. દારૂ પીતી વખતે બંને વચ્ચે ઝઘડો થયો હતો અને સૂતા પ હેલા પ્રિયાંશુએ દારૂના નશામાં સાહુને ધમકી આપી હતી, એવો આરોપ છે.સાહુએ વાયરથી પ્રિયાંશુને બાંધી દીધો હતો અને બાદમાં તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.વહેલી સવારે ત્રણ વાગ્યે સ્થાનિકોએ પ્રિયાંશુને ઘાયલ અને અર્ધનગ્ન અવસ્થામાં જોયો હતો. તેને વાયરથી બાંધવામાં આવ્યો હતો.દરમિયાન સ્થાનિકોએ આની જાણ પોલીસને કરતાં અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. પ્રિયાંશુને બાદમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.નાગપુરના લુંબિની નગર વિસ્તારમાં પ્રિયાંશુ રહેતો હતો. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને સાહુની ધરપકડ કરી હતી. પ્રિયાંશુ અને સાહુ ગુનાહિત રેકોર્ડ ધરાવતા હતા અને તેમની સામે ચોરી અને હુમલાના કેસ ચાલી રહ્યા હતા.

# કબર સાથે ચંદ્ર પર આવેલા છે આટલા રહસ્યો, જાણો છો?

આજે આપણી પૃથ્વી વૈશ્વિક અર્થવ્યવસ્થાને વિસ્તારવા અને વિશ્વની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ નથી. આવી સ્થિતિમાં હવે દુનિયાની નજર પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશ તરફ જઈ રહી છે. અવકાશ હવે એવું માધ્યમ બની રહ્યું છે કે જ્યાંથી પૃથ્વીની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરી શકાય. જેના કારણે આવનારા દિવસોમાં અવકાશ કોલોનાઈઝેશન, એસ્ટરોઈડ માઈનિંગ અને સ્પેસ ટુરિઝમની દિશામાં અનેક નવા આયામો ખુલવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સ્પેસ



લોજિસ્ટિક્સ, સેટેલાઈટ અને માનવ પ્રક્ષેપણના ક્ષેત્રમાં ભવિષ્યમાં અબજો ડોલરનું મોટું બજાર આકાર લે તો નવાઈ નહીં. ભવિષ્યના આ ધબકારને જોઈને આપણું ઈસરો પણ પાછળ નથી. આજે ઈસરોની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ અવકાશ એજન્સીઓમાં થાય છે. મંગલયાન, ચંદ્રયાન જેવા અનેક સફળ મિશન પાર પાડ્યા બાદ ઈસરો હવે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈસરો આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન ૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો ચંદ્રયાન ૩ લેન્ડર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરે છે.તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. ચંદ્ર હંમેશા આપણા માટે ઉત્સુકતાનું કેન્દ્ર રહ્યો છે.

## BOLLYWOOD NEWS FLASH

# અભિનેત્રી સમંથા આખરે 'મા ઇંતિ બંગારમ'થી તેલુગુ ફિલ્મમાં પરત ફરશે



। મુંબઈ, તા.૯ ।

સમંથા રુથ પ્રભુ છેલ્લે ૨૦૨૩માં શાકુંતલમ અને કુશી નામની તેલુગુ ફિલ્મોમાં જોવા મળી હતી. આ વર્ષે તે ફરી તેલુગુ ફિલ્મમાં પાછી ફરી પરંતુ તેણે શુભમ નામી હોરર કોમેડીમાં એક કેમિયો કર્યો હતો. તેના બેનર તરલા મુવિંગ પિક્ચર્સમાં તેણે આ ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી. તાજેતરમાં તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પ્રશ્નોત્તરી કરી હતી, જેમાં તેણે જણાવ્યું કે ટૂંક સમયમાં તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં પાછી ફરી રહી છે.૨૦૨૪માં પોતાના બર્થડે પર તેણે જાહેરાત કરી હતી કે તે 'મા ઈંતિ બંગારમ' ફિલ્મ પ્રોડ્યુસ કરશે અને તેમાં એક્ટિંગ પણ કરશે. તેનું ફર્સ્ટ લીક પોસ્ટર રિલીઝ થયું હતું, જેમાં તે સાડી પહેરીને હાથમાં બંદૂક લઈને ઉભી હતી, તેના હાથમાં મહેંદી લાગેલી હતી અને તેના ચહેરા પર લોહીનાં છાંટા હતા. ત્યાર પછી આ ફિલ્મ વિશે કોઈ અપડેટ આવી નહોતી, ત્યારે હવે તેણે જાહેર કર્યુ છે કે એ ફિલ્મ પડતી મુકાઈ નથી. તેને આગામી તેલુગુ ફિલ્મ વિશે પૂછાતા સમંથાએ જવાબ આપ્યો હતો કે, 'આખરે, મારી પાસે આ પ્રશ્નનો જવાબ છે. 'મા ઈંતિ બંગારમ'.' આ મહિને આખરે હવે આ ફિલ્મ શરૂ થશે. જોકે, હજુ આ ફિલ્મના ડિરેક્ટર અને અન્ય વિગતો જાહેર થઈ નથી. છેલ્લે તે ૨૦૨૪માં ઓટીટી પર 'સિટેડેલઃ હની બની'માં જોવા મળી હતી. આ ઉપરાંત તે સિરીઝ 'રક્તબ્રહ્માંડ'માં પણ કામ કરી રહી છે.

# આયર્નમેન ઇન્ડિયાનો ચહેરો બની અભિનેત્રી સૈયામી ખેર

## મારા માટે આયર્નમેન માત્ર એક રેસ નથી, એ એક વિચારધારા છે : સૈયામી

## સૈયામી ખેરે એક જ વર્ષમાં બે વખત દુનિયામાં સૌથી અઘરી ગણાતી ટ્રાયેથલોન આયર્નમેન પુરી કરી

। મુંબઈ, તા.૯ ।

સૈયામી ખેરે સપ્ટેમ્બર ૨૦૨૪માં પહેલી વખત ઘણી મહેનત અને તૈયારી પછી આયર્નમેન ૭૦.૩ પુરી કરી હતી અને પછી જુલાઈ ૨૦૨૫માં તેણે બીજી વખત આ સખત શિસ્ત અને મહેનત માગી લેતી ટ્રાએથલોન પુરી કરી હતી. આયર્નમેન ૭૦.૩ અથવા તો હાફ આયર્નમેનમાં કુલ ૭૦.૩ માઈલ્સનો સમાવેશ થાય છે, જેમાં ૧.૯ કિમી સ્વીમિંગ, ૯૦ કિમી સાઈકલિંગ અને ૨૧.૧ કિમી.નું રનિંગ એક જ દિવસમાં એકસાથે પૂરું કરવાનું હોય છે. તેની શિસ્ત અને સખત મહેનત તેમજ સાતત્યથી ઘણા લોકોને પ્રેરણા મળી છે, તેના કારણે આયર્નમેન ઈન્ટરનેશનલ કમિટીએ સૈયામી ખેરને આ મેરેથોનનો ખાસ ચહેરો બનાવવાનું સન્માન આપવાનું



નક્કી કર્યુ છે, જેઓ શક્તિ અને દૃઢ મનોબળનું ઉદાહરણ પૂરું પાડે છે, તેમને આ સન્માન મળે છે.આ અંગે આભાર વ્યક્ત કરતાં સૈયામી ખેરે જણાવ્યુ, "હું સખત ગર્વ અનુભવું છું અને આયર્નમેન ઈન્ડિયાનો ચહેરો બનીને ખુબ ઉત્સુક છું, ભારતમાં તે ૯ નવેમ્બરે ગોવામાં યોજાવાની છે. હું જે જુસ્સા, સાતત્ય અને ક્યારેય હાર ન માનવાના વિચારોમાં માનું છું તેનું આ સફર પ્રતિનિધિત્વ કરે છે, મેં કોઈ રેકોર્ડ બનાવવા માટે એક વર્ષમાં બે વખત આયર્નમેન ૭૦.૩ પુરી નહોતી કરી, ત મારી પોતાની મર્યાદાઓને પડકારવા માટે કરી હતી. તકવાનો દરેકલ સ્ટ્રોક, દરેક યુફિલ સફર, દોડનું દરેક ડગલું મને યાદ કરાવતું હતું કે માનવીય મગજ અને શરીરમાં કેટલી ક્ષમતાઓ રહેલી હોય છે."આગળ સૈયામીએ કહ્યું, "મારા માટે આયર્નમેન માત્ર એક રેસ નથી, એ એક વિચારધારા છે, જીવન જીવવાની એક શૈલી છે. એક્ટિંગ હોય કે રમત-ગમત મેં હંમેશા મારી મર્યાદાઓની પાર જઈને મહેનત કરવાનો પ્રયત્ન કર્યો છે. મને આશા છે કે હું વધુ ભારતીયોને પ્રેરણા આપી શકીશ, ખાસ કરીને મહિલાઓ, જેઓ રમત-ગમતમાં આગળ વધવા માગે છે.

## દર્શકોને ક્રિકેટરો સાથેના પાછલા એપિસોડ ખૂબ ગમ્યા છે, હવે આ વખતે આ ક્રિકેટરો સાથે ખૂબ મજા થવાની છે

# રીચા ચઢ્ઢાએ NFDCનો ઉધડો લીધો સરકાર પાસેથી પૈસા કઢાવવા મુશ્કેલ

। મુંબઈ, તા.૯ ।

રિચા ચઢ્ઢાએ ગયા અઠવાડિયે વોટરફ્રન્ટ ઈન્ડિ ફિલ્મ ફેસ્ટિવલ એક રસપ્રદ ચર્ચાનું સંચાલન કર્યુ હતું, જેમાં શૂજીત સરકાર, રજત કપૂર, દીપા ગેહલોત અને શ્રીધર રંગાયન પણ હાજર રહ્યા હતા. તેમણે આ ચર્ચામાં સ્વતંત્ર ફિલ્મને નડતા પડકારો અંગે વાત કરી હતી. આ ચર્ચામાં એક મુદ્દામાં રીચાએ શૂજીત સરકારને જણાવ્યું હતું, "તમારી પાસે તો રોની લાહિરી જેવા પ્રોડ્યુસર છે, જે તમારી દૃષ્ટિને ટેકો આપે છે અને એ મહત્વનું છે. આ પ્રકારના પ્રોડ્યુસરની જરૂરિયાત ઘણી મહત્વની છે, જેમને તમારામાં વિશ્વાસ હોય છે અને સમગ્ર સફરમાં તમારી પડખે ઉભા રહે છે."બાદમાં રીચાએ



પેનલનાં બધા જ સભ્યોને પૂછ્યું હતું, "એવું કેમ થાય છે કે ગ્લોબલ નેટવર્ક્સમાં મોટા ભાગના અધિકારીઓ કોઈ એમબીએને ફિલ્મ પસંદલ કરવાની સત્તા આપી દેતા હોય છે? એમને એવું હોય છે, "આ મારા પ્લેટફર્મ પર ચાલશે" અથવા "આ મારા અલગોરીધમ સાથે ચાલશે". આપણી પાસે વિકલ્પો છે અને આપણે દુનિયાભરના લોકોને મળીએ છીએ.

# ઈન્સ્ટાના કારણે નાગ ચૈતન્ય અને શોભિતા નિકટ આવ્યા

। મુંબઈ, તા.૯ ।


નાગ ચૈતન્યએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં નાગ ચૈતન્યએ જણાવ્યું કે તે કઈ રીતે તેની હાલની પત્ની શોભિતા ધુલીપાલાને ઈન્સ્ટાગ્રામ પર મળ્યો અને તેમની લવસ્ટોરીમાં સોશિયલ મીડિયા કેટલું અગત્યનું છે. જ્યારથી લગ્ન થયાં ત્યારથી શોભિતા ધુલીપાલા અને નાગ ચૈતન્ય એક ક્યુટ કપલ તરીકે ઓળખાય છે. તેમના ફેન્સને તેમની કેમેસ્ટ્રી હંમેશા પસંદ પડી છે. ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા સેલેબ્રિટી કપલ છે, જેઓ કોઈ ફિલ્મના સેટ પર મળ્યા કે કોઈ પાર્ટીમાં મળ્યા અને તેમની લવ સ્ટોરી શરૂ થઈ, પરંતુ આ બંને કોઈ ટીનેજરની જેમ ઈન્સ્ટાગ્રામ પર મળ્યા હતા. તાજેતરમાં નાગ ચૈતન્ય એક ડીજીટલ ટોકશોમાં હાજર રહ્યો હતો, જેમાં તેણે શોભિતાને મળવાની વાત કરી હતી. તેણે કહ્યું હતું કે ઈન્સ્ટાગ્રામનો આ લવબર્ડ્ઝને નજીક લાવવામાં મહત્વનો ફાળો હતો. નાગ ચૈતન્યએ જણાવ્યું, "અમે ઈન્સ્ટાગ્રામ પર મળ્યાં હતાં. મેં ક્યારેય કલ્પના પણ કરી નહોતી કે હું મારા પાર્ટનરને ત્યાં મળીશ. હું તેના કામથી પરિચિત હતો. એક દિવસ મેં જ્યારે શોયુ (તેનું ક્લાઉડ કિચન) વિશે પોસ્ટ કરી તો, તેણે એક ઈમોજી સાથે કમેન્ટ કરી હતી. તેથી મેં તેની સાથે ચેટિંગ કરવાનું શરૂ કર્યુ અને પછી થોડા જ સમયમાં અમે મળ્યાં."ચૈતન્યએ શોભિતાને તેના જીવનની સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ ગણાવી હતી. આ શોમાં એક રેપિડ ફાયર પ્રશ્નોના જવાબમાં જ્યારે ચૈતન્યને પૂછાયું કે એક વસ્તુ જેના વિના તે જીવી ન શકે. તેના જવાબમાં તરત જ તેણે જવાબ આપ્યો, "મારી પત્ની."આ સાથે તેણે શોભિતા સાથે એક રમુજી કિસ્સો પણ યાદ કર્યો હતો, જેમાં શોભિતા તેના એક ગીત બુજી થલ્લી માટે ગુસ્સે થઈ હતી. આ કિસ્સો યાદ કરતા તેણે કહ્યું કે તેણે તેની પત્નીને બુજી થલ્લી નામ આપ્યું છે, તેને લાગ્યું કે તેણે ડિરેક્ટર ચંદૂ મોંદેતીને આ નામ તેની ફિલ્મ માટે ઉપયોગમાં લેવા દીધું. "એ થોડાં દિવસો સુધી મારી સાથે બોલી પણ નહોતી – પરંતુ હું આવું કેમ કરું?" નાગ ચૈતન્યએ થંડેલ ફિલ્મમાં લીડ રોલ કર્યો હતો.

## સૈફ અને કરીનાએ એલઓસી કારગિલ, ઓમકારા, ટશન અને રોડસાઇડ રોમિયો, કુરબાં તેમજ એજન્ટ વિનોદ નામની ફિલ્મોમાં સાથે કામ કર્યુ છે

# પત્ની અને ગર્લફ્રેન્ડ સાથે કામ ન કરવું જોઈએ : સૈફ

। મુંબઈ, તા.૯ ।

એક્ટર સૈફ અલી ખાને તાજેતરમાં તેણે ૯૦ના દાયકામાં જે પ્રકારની ફિલ્મ કરી તે અને ૨૦૦૦માં કઈ રીતે ફિલ્મની દિશા અને સ્ટાઈલ બદલાઈ, તે અંગે વાત કરી હતી. ઈન્ટરવ્યુમાં સૈફે એવું પણ કહ્યું કે કેમ, "પત્ની અને ગર્લફ્રેન્ડ સાથે કામ ન કરવું જોઈએ". સૈફે કરીના સાથે તો કેટલીક ફિલ્મમાં કામ કર્યુ છે પરંતુ તેણે અમૃતા સિંગ સાથે તેણે કોઈ ફિલ્મ કરી નથી. જ્યારે ૯૦ના દાયકામાં સૈફે કરેલી ફિલ્મ વિશે કહ્યું, લોકો મને કહેતાં કે, "નસીબદાર છે કે, તને ઘણી તકો મળી છે". જ્યારે સૈફને લાગતું હતું કે, તેને "સારી ફિલ્મ નહોતી મળતી કે તેને લીડ રોલ પણ મળતા નહોતા."જ્યારે ગર્લફ્રેન્ડ કે પત્ની સાથે કેમ કામ ન કરવું એ વિશે સૈફે જણાવ્યું કે, સમય સાથે તેને સમજાયું કે, જ્યારે તે કોઈ તંદુરસ્ત હરીફાઈમાં હોય ત્યારે તે સારું કામ કરે છે, "તેના કારણે તેની સાથે કામ કરતાં કલાકારો થોડાં ઉશ્કેરાઈ જતા હોય છે."



તેણે કહ્યું કે, તેથી "પત્ની કે ગર્લફ્રેન્ડ સાથે કામ કરવું એ સારો વિચાર નથી."સૈફ અને કરીનાએ ૨૦૦૩માં એલઓસી કારગિલ, ૨૦૦૬માં ઓમકારા, ૨૦૦૮માં ટશન અને રોડસાઈડ રોમિયો, ૨૦૦૯માં કુરબાં તેમજ ૨૦૧૨માં એજન્ટ વિનોદ ફિલ્મમાં સાથે કામ કર્યુ છે.

### લેઉવા પટેલ સમાજ ભવનનું નિર્માણ સમાજની એકતા અને વિકાસનું પ્રતિક બની રહેશે : દિલીપ સંઘાણી

# ૩૫ વર્ષની આતુરતાનો અંત, લેઉવા પટેલ સમાજના મોભીઓનો પુરૂષાર્થ ૧૬–વિઘા જમીન સંપાદન કાર્ય પૂર્ણ, અમરેલી શહેરની મધ્યમાં : દિલીપ સંઘાણી






। અમરેલી, તા.૯ ।

અમરેલી જીલ્લાના પટેલ સમાજની એકતા, વિકાસ અને શિક્ષણ થી લઈને સર્વાંગી વિકાસ સુવિધાઓ માટેનો પાયો રાજરત્ન મોહનભાઈ વિરજીભાઈ પટેલ દ્વારા શૈક્ષણિક સંસ્થા પટેલ વિદ્યાર્થી આશ્રમના માધ્યમથી શરૂ કરવામા આવ્યો જેને દ્વારકાદાસભાઈ પટેલ, લીલાબા પટેલ ત્યારબાદ સંસ્થાના પ્રમુખ માનનિય શ્રી દિલીપભાઈ સંઘાણી આગળ ધપાવી રહયા છે. તેવા સમયે ૧૬-વિઘાના પરિસરમા ભવ્ય લેઉવા પટેલ સમાજ ભવનનું નિર્માણ પટેલ સમાજની એકતા અને વિકાસનું પ્રતિક બની રહેશે તેમ આયોજન અંગે મળેલ મીટીંગને સંબોધતા શ્રી દિલીપભાઈ સંઘાણીએ સમાજને અવનવા ડર બતાવતા તત્વો સામે સુરક્ષાની ખાત્રી આપી હતી તેમણે વધુમા જણાવેલ કે પટેલ સમાજ સાહસ અને વિકાસને વરેલો છે તેમા આગેવાનોનું કેમ નિર્માણ થાય અને વિકાસમા યુવાનોને આગળ કેમ કરવા તેવા સ્વ.ડાયાબાપા હિરાણીના વિચારોને યાદ કરીને આ દિશામા સમાજ સાર્થક થવા જઈ રહયાનું ગૌરવ લઈ હર્ષ વ્યકત કર્યો હતો. સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી દ્વારા ભૂમિગ્રહણની જાહેરાત સાથે લેઉવા પટેલ સમાજ વાડીના નિર્માણકાર્ય અંગેની સવિસ્તાર વિગતો જણાવવામા આવેલ હતી. ડી.કે.રૈયાણીએ ખાત્રી આપી હતી કે, સમાજ સાથે રહીને આ કામ આગળ ધપાવશે. કાળુભાઈ ભંડેરી, પી.પી. સોજીત્રા, ડી.કે. રૈયાણી, કાંતિભાઈ વઘાસીયા, અશ્વિનભાઈ સાવલીયા, મનીષ સંઘાણી, રાજેશભાઈ માંગરોલીયા, મેહુલભાઈ ધોરાજીયા, ભાવનાબેન ગોંડલીયા, એમ. કે. સાવલિયા, દિનેશભાઈ ભુવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહા હતા.

## ભારતીય ડાક વિભાગ દ્વારા 'વિશ્વ ડાક દિવસ'નું આયોજન, 'ભારતીય ડાક : નાણાકીય સશક્તિકરણ અંતિમ છેડા સુધી' પર વિશેષ આવરણ પ્રકાશિત

। (ડાક વિભાગ) અમદાવાદ, તા.૯।

ડાક વિભાગ દ્વારા ગુજરાતમાં 'વિશ્વ ડાક દિવસ'નું ભવ્ય આયોજન ૯ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું. આ વર્ષની થીમ 'પોસ્ટ ફોર પીપલ – લોકલ સર્વિસ, ગ્લોબલ રીચ' છે, જે ડાક સેવાઓની સ્થાનિક સ્તરથી વૈશ્વિક સ્તર સુધીની સશક્ત ભૂમિકા અને અસરકારકતાને ઉજાગર કરે છે. વિશ્વ ડાક દિવસના અવસર પર, પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ ખાતે આવેલ 'મેઘદૂતમ' સભાખંડમાં ગુજરાત પરિમંડલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકર દ્વારા "ભારતીય ડાક : નાણાકીય સશક્તિકરણ અંતિમ છેડા સુધી" વિષય પર વિશેષ આવરણ તથા વિશ્વ ડાક દિવસની થીમ 'પોસ્ટ ફોર પીપલ, લોકલ સર્વિસ, ગ્લોબલ રીચ' પર વિશેષ વીરૂપણનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ, ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર શ્રી કૃષ્ણ કુમાર યાદવ, મહાપ્રબંધક (વિત્ત) ડૉ. રાજીવ કાંડપાલ, અને નિદેશક શ્રી સુરેખ રઘુનાથેન ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમ દરમિયાન સુકન્યા સમૃદ્ધિ યોજના, ડાક જીવન વીમા, અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના લાભાર્થીઓને પાસબુક અને પોલિસી બોન્ડ પણ પ્રદાન કરવામાં આવ્યા. આ અવસરે ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકર જણાવ્યું કે, ડાક વિભાગ માત્ર સ્થાનિક સ્તરે સંચારનું સશક્ત માધ્યમ નથી, પરંતુ વૈશ્વિક સ્તર પર પણ પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે. 'ડાક સેવા એટલે જન સેવા'ના સિદ્ધાંતને અનુસરતા, વિભાગ સામાન્ય જનતાને પરંપરાગત ડાક સેવાઓ સાથે સાથે નાણાકીય સશક્તિકરણથી જોડાયેલી વિવિધ સેવાઓ પણ પૂરી પાડી રહ્યું છે અને એક સમર્પિત સેવા કેન્દ્ર તરીકે કાર્ય કરી રહ્યું છે. ડાક વિભાગ પરંપરાગત સેવાઓના આધુનિકીકરણ, ડિજિટલ સમાવેશ અને નાગરિક સુવિધાના ક્ષેત્રોમાં પણ અગ્રણી ભૂમિકા નિભાવી રહ્યું છે. સામાન્ય જનતા સાથેના જોડાણને કારણે જ તેને 'ડાક ઘર' તરીકે ઓળખવામાં આવે છે — એક એવું સ્થાન, જ્યાં લોકો આવીને ઘર જેવી આત્મીયતાનો અનુભવ કરે છે. મહાપ્રબંધક (વિત્ત) ડૉ. રાજીવ કાંડપાલે જણાવ્યું કે, ડાક વિભાગે માત્ર ઐતિહાસિક પરિવર્તનોને નજીકથી જોયા નથી, પરંતુ દરેક યુગમાં સામાન્ય જનજીવનનો અભિન્ન ભાગ બનીને સમાજમાં પોતાની પ્રાસંગિકતા જાળવી રાખી છે. ડાક વિભાગે હંમેશાં સમય સાથે પગલા મિલાવતાં, પરંપરાગત સેવાઓને આધુનિક તકનીક સાથે જોડીને, જનતાના વિશ્વાસ અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આજના યુગમાં ડાક વિભાગ નાણાકીય સમાવેશ તથા લોજિસ્ટિક્સ સેવાઓના ક્ષેત્રોમાં પોતાની અગ્રણી ભૂમિકા નિભાવી રહ્યું છે.

## દેવગઢ બારીઆ નગર પાલિકા પ્રમુખ સામે ભાજપ પક્ષના સભ્ય દ્વારા આઠ અપક્ષ સભ્યો સાથે સાંઠગાંઠ કરી અવિશ્વાની દરખાસ્ત મૂકી




તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૦૯ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર પાલિકા ની ચૂંટણી ને છો મહિના પણ પૂરા થયા નથી ને ત્યાં સત્તા લાલચુ ભાજપ પક્ષ ના જ સભ્ય દ્વારા અપક્ષ મા ચૂંટાયેલા આઠ સભ્યો સાથે સાંઠગાંઠ કરી નગર પાલિકા પ્રમુખ ધર્મેશ કલાલ સામે અવિશ્વાસ ની દરખાસ્ત કરવા મા આવી જેના કારણે દેવગઢ બારીઆ નગર નું રાજકારણ ગરમાયું છે અને અગાઉ પણ કોંગ્રેસ મા થી ભાજપ મા આવેલ સભ્ય મા થી પ્રમુખ બનેલ દક્ષાબેન નાથાણી સામે પણ સત્તા માટે અવિશ્વાસ ની દરખાસ્ત મૂકી પાડી દેવા મા આવ્યા હતા નગર પાલિકા પ્રમુખ ધર્મેશભાઈ સામે મૂકવા મા આવેલ અવિશ્વાસ ની દરખાસ્ત થી સ્પષ્ટ થઈ ગયું છે કે નગર પાલિકા મા હું જ હોઉં બાકી બીજું કોઈ પ્રમુખ ના હોય અને હું જ કરૂ કામ તેવા અભિમાન સાથે આ ષડયંત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે જાણવા મળ્યું છે કે નગર પાલિકા મા અગાઉ ના પ્રમુખ દ્વારા કરવા મા આવેલ કામો માં થયેલા ભ્રષ્ટાચાર ની વિજિલન્સ ની તપાસ ની ફાઈલ પણ નગર પાલિકા મા આવેલ છે તેની પણ લોક મુખે ચર્ચાઓ નગર મા ચાલી રહી છે શું ધર્મેશભાઈ કલાલ આ બાબત મા મૌન રાખશે કે કોઈ કાર્યવાહી કરશે.

"વિશ્વ દ્રષ્ટિ દિવસ" નિમિતે ખેડા જિલ્લામાં ૩૫૦ ચશ્માનું બાળકોમાં વિનામૂલ્યે વિતરણ

## ખેડા જિલ્લાના ૩૨,૨૬૪ શાળાના બાળકો અને ૧૭,૧૧૦ આંગણવાડીના બાળકોની આંખોની તપાસ કરવામાં આવી

। (માહિતી) નડિયાદ, તા.૯ ।

વિશ્વ દ્રષ્ટિ દિવસની યાદગાર ઉજવણી અંતર્ગત આજે નડિયાદ જનરલ હોસ્પિટલ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોરની આગેવાની અને માર્ગદર્શન હેઠળ SH-RBSK (School Health – Rashtriya Bal Swasthya Karyakram) પ્રોગ્રામ અંતર્ગત બાળકોમાં ૩૫૦ દ્રષ્ટિ સુધારક ચશ્માનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. બાળકોમાં આંખોના આરોગ્ય માટે સઘન કામગીરી એ ખેડા જિલ્લાની પ્રશંસનીય પહેલ છે. મહત્વનું છે કે, ખેડા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા તા. ૧ એપ્રિલ ૨૦૨૫ થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન શાળા અને આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોમાં દ્રષ્ટિ તપાસ (Eye Screening) અભિયાન "સ્કૂલ હેલ્થ – રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ" અંતર્ગત હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય તંત્ર અને SH-RBSK ટીમોના સંયુક્ત પ્રયાસથી બાળકોમાં આંખોની તકલીફો, દ્દષ્ટિદોષ (Refractive Error) અને દ્દષ્ટિ ક્ષતિના પ્રારંભિક લક્ષણોની ઓળખ માટે વિશેષ કેમ્પો યોજવામાં આવ્યા હતા. આ દ્દષ્ટિ પરીક્ષણ અભિયાન ગળતેશ્વર, કપડવંજ, કઠલાલ, ખેડા, મહેમદાબાદ, મહુધા, માતર, નડિયાદ, ઠાસરા અને વસો સહિત જિલ્લાના તમામ તાલુકાઓમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ અભિયાન હેઠળ કુલ ૩૨,૨૬૪ શાળાના બાળકોની દ્દષ્ટિ તપાસ કરવામાં આવી જેમાંથી ૨,૫૩૭ બાળકોમાં Refractive Error અને ૨,૧૪૮ બાળકોમાં Vision Impairment તથા Refractive Error ની સંભાવના નજરે પડી હતી. તે જ રીતે કુલ ૧૭,૧૧૦ આંગણવાડીના બાળકોની દ્દષ્ટિ તપાસ દરમિયાન ૪૭ બાળકોમાં Refractive Error અને ૪૧ બાળકોમાં Vision Impairment સાથે Refractive Error ની શક્યતા જણાઈ હતી. સંદિગ્ધ બાળકોના માતા પિતાને અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

## ગુજરાતમાં આઠમાં પોષણ માસ દરમિયાન ૭૩ લાખથી વધુ પોષણલક્ષી જનજાગૃત્તિની પ્રવૃત્તિઓ યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૯ ।

ગુજરાતે સ્વસ્થ સમાજના નિર્માણ માટે બાળકો, કિશોરીઓ તથા મહિલાઓને પોષણક્ષમ આહાર આપવા ના તેના નિર્ધારને વધુ મજબૂત બનાવવા તા. ૧૭ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન પોષણ માસ ૨૦૨૫ની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતના નાગરીકોના સર્વાંગી વિકાસમાં પૂર્ણ પોષણ એક મહત્વનું પરીબળ સાબિત થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સહી પોષણ દેશ રોશનના આહ્વાનને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની આગેવાનીમાં આ અભિયાનને જન આંદોલન બન્યું છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં આઠમા પોષણ માસ દરમિયાન ૭૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. 'પોષણ અભિયાન' હેઠળ સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના દરેક નાગરિક, ખાસ કરીને બાળકો, સગર્ભા માતાઓ અને કિશોરીઓના પોષણને સુનિશ્ચિત કરવા માટે નવીન અને પરિણામલક્ષી પગલાં લેવામાં આવી રહ્યાં છે. પોષણ અભિયાન માત્ર આરોગ્યલક્ષી નહીં, પરંતુ ગુજરાતની ભાવિ પેઢીને સશક્ત બનાવવાનું એક અભૂતપૂર્વ પગલું છે. સમાજના દરેક વર્ગ સુધી પોષણની પહોંચ સુનિશ્ચિત કરી, ગુજરાત સરકારે આ ક્ષેત્રે દેશભરમાં એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. રાજ્યમાં ૭૩ લાખથી વધુ પોષણલક્ષી જનજાગૃતિની પ્રવૃત્તિઓ કરાઈ ગુજરાત સરકાર દ્વારા તા. ૪ ઓક્ટોબર સુધીમાં રાજ્યમાં ૭૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ થકી જનસમુદાયને પોષણ પ્રત્યે વધુ જાગૃત કરવામાં આવ્યાં છે. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ ૪૩.૮૪ લાખ પ્રવૃત્તિઓનું આયોજન કરીને મોખરે રહ્યું છે. આરોગ્ય, શિક્ષણ, આયુષ અને કૃષિ જેવા સંલગ્ન વિભાગોએ પણ પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપીને પોષણના સંદેશને સમાજના દરેક સ્તર સુધી પહોંચાડ્યો છે. આ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા ૩.૮૪ લાખ, શિક્ષણ વિભાગ દ્વારા ૩.૭૭ લાખ, આયુષ દ્વારા ૩.૨૨ લાખ, કૃષિ વિભાગ દ્વારા ૧.૮૭ લાખ, પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧.૨૫ લાખ, રમત-ગમત અને યુવક સેવા વિભાગ દ્વારા ૧.૦૨ લાખ અને પંચાયત વિભાગ દ્વરા ૧.૭૭ લાખ પોષણલક્ષી પ્રવૃતિઓ કરાઈ છે. આ ઉપરાંત માહિતી ખાતા દ્વારા ૧.૧૨ લાખ, આદિજાતિ વિભાગ દ્વારા ૮૦ હજાર, પશુપાલન અને મત્સયોદ્યોગ વિભાગ દ્વારા ૧.૪૦ લાખ, મજૂર કલ્યાણ વિભાગ દ્વારા ૯૨ હજાર, ગ્રામવિકાસ વિભાગ દ્વરા ૧.૪૧ લાખ, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧.૪૯ લાખ, શહેરી વિકાસ વિભાગ દ્વારા ૧.૧૫ લાખ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ૧.૧૭ લાખ અને સામાજિક ન્યાય તથા અધિકારીતા વિભાગ દ્વારા ૭૧ હજાર જેટલી જન જાગૃત્તિની પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

## ચંડોળાના અસરગ્રસ્ત ભારતીય લોકોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે તાકીદે આવાસ ફાળવો આવાસ ફાળવવા માટે ભરવાના થતાં નાણાંના હપ્તાની સમયમર્યાદા વધારો



તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી, અમદાવાદ

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૯ ।

મ્યુ. વિરોધ પક્ષના નેતાશ્રી શહેઝાદ ખાન પઠાણની આગેવાનીમાં મ્યુ.કોર્પો. દ્વારા કરાયેલ ચંડોળા ડીમોલીશન ડ્રાઈવમાં ગરીબ અસરગ્રસ્ત ભારતીયોને આવાસો ફાળવવા બાબતે થતો અસહય વિલંબ તેમજ થયેલ અન્યાય બાબતે મ્યુ.કમિશ્રી તથા ડે.મ્યુ.કમિશ્રી-દક્ષિણ ઝોનને આવેદનપત્ર આપી એક અખબારી યાદીમાં જણાવે છે કે, ચંડોળા ખાતે ૫૦ વર્ષથી વધુ સમયથી રહેતા ભારતીય ગરીબ લોકોના મકાનો તોડી નાખવામાં આવેલ જેને કારણે નિર્દોષ ભારતીય લોકોના પરિવાર બે-સહાય થઈ રોડ પર આવી ગયેલ જેથી અમદાવાદ મ્યુ.કોર્પો.દ્વારા સને ૨૦૧૦ની પોલીસી મુજબ ચંડોળા ખાતે ભારતીય ગરીબ લોકોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપેઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના હેઠળ આવાસો આપવાનું નક્કી કરેલ છે તેમજ સ્ટે.કમિટીમાં આ બાબતે ઠરાવ પણ કરવામાં આવેલ છે.

## ઉત્તર ગુજરાતના કૃષિ સંબંધિત ઉદ્યોગો અને વેલ્યુ એડિસન આધારિત ઉદ્યોગોને આ કોન્ફરન્સ દ્વારા વેગ મળશે :-ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

મહેસાણા જિલ્લાની ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે યોજાઈ રહેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંગે મીડિયાના માધ્યમથી વિગતો પૂરી પાડતા ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આજે વટવૃક્ષ બનીને વૈશ્વિક રોકાણોને રાજ્યમાં લાવવામાં મહત્વની ઈવેન્ટ સાબિત થઈ છે. ઉદ્યોગમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંગે વાત કરતા કહ્યું હતું કે રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગત વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ૨૬૦૦થી વધુ એમઓયુ અને ૪૫,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થયું હતું એમ જણાવીને મંત્રીશ્રીએ કહ્યું હતું કે આ વર્ષે પ્રાદેશિક સ્તરે ઝોનવાઈઝ અને જિલ્લા વાઈઝ આયોજનો થકી રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કરાયું છે.

શ્રી રાજપૂતે ઉમેર્યું હતું કે આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યના કેબિનેટ અને રાજ્ય મંત્રીશ્રીઓ, વિવિધ દેશોના રાજદૂતો અને હાઈ કમિશનર સહિત જાણીતા ઉદ્યોગકારોની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો છે. તેમણે આ પ્રસંગે યોજાયેલા ટ્રેડ શો અને પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું છે. પાંચ દિવસ સુધી ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાંથી ઉદ્યોગપતિઓ, નાના મોટા વેપારીઓ, વિવિધ એસોસિએશન અને માર્કેટયાર્ડ સાથે સંકળાયેલા લોકો કોલેજના વિદ્યાર્થીઓ સહિત અનેક લોકો આ પ્રદર્શનની મુલાકાત લેશે એમ તેમણે જણાવ્યું હતું.વધુ વિગતો પૂરી પાડતા શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે લગભગ ૧૮ હજાર વર્ગ મીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યાં છે. ઉદ્ઘાટન સમારોહમાં જ ૧૯થી વધુ એમઓયુ થયા છે. બે દિવસ દરમિયાન ૫૦થી વધુ સેમિનાર યોજાશે અને સેમિનાર દરમિયાન પણ વિવિધ એમઓયુ થશે. રેલવે ક્ષેત્રમાં પણ મહત્વના ૩૦થી વધુ પ્રોજેક્ટ રાજ્યમાં ચાલી રહ્યા છે. જ્યારે ૩૧થી વધુ પ્રોજેક્ટનો સર્વે ચાલુ છે અને બુલેટ ટ્રેનની કામગીરી પણ પ્રગતિમાં છે. ઉત્તર ગુજરાતમાં બહુચરાજીથી કડી સુધી રેલવે લાઈનના વિસ્તાર અંગે પણ તેમણે વિગતો આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.



નાણામંત્રી નિર્મલા સીતારમણ અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરની મુલાકાત દરમિયાન.

# ગાઝા શાંતિ યોજના પર હમાસને મનાવવા માટે ટ્રમ્પ પહોંચ્યા તૂર્કિયે

## ટ્રમ્પ ઈચ્છે કે, અમે આ પીસ પ્લાનને કોઈપણ પ્રકારની શરત વગર સ્વીકારવા માટે હમાસને રાજી કરીએ

। (એજન્સી) તૂર્કિયે, તા.૯ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોઈપણ કિંમતે ઈઝરાયલ અને હમાસ વચ્ચે શાંતિ લાવવા ઈચ્છે છે. આ મામલે તેમનો મહત્ત્વપૂર્ણ ગાઝા પીસ પ્લાન તૈયાર છે. પરંતુ આ પ્લાન પર હમાસ હા કે ના વચ્ચે અસમંજસની સ્થિતિ ઊભી થઈ છે. તેવામાં હવે ટ્રમ્પે હવે તૂર્કિયે પાસેથી મદદ માંગવામાં આવી છે.

તૂર્કિયેના રાષ્ટ્રપ્રમુખ રેસેપ એર્દોગનનું કહેવું છે કે, અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ગાઝા પીસ પ્લાનને લઈને મદદ માગી છે. ટ્રમ્પ ઈચ્છે કે, અમે આ પીસ પ્લાનને કોઈપણ પ્રકારની શરત વગર સ્વીકારવા માટે હમાસને રાજી કરીએ. આમ હમાસને કોઈપણ રીતે આ પ્લાન માનવા માટે તૈયાર કરવામાં આવે.

તેમણે કહ્યું કે, આ પ્રક્રિયા દરમિયાન અમે હમાસના સંપર્કમાં છીએ. અમે તમામ પક્ષોના સંપર્કમાં છીએ અને તેમને સમજાવી રહ્યા છીએ કે, સૌથી સાચી રીત કઈ છે અને પેલેસ્ટાઈનના લોકો માટે શું સાચુ છે. અમેરિકાની મુલાકાત અને ટ્રમ્પ સાથે ફોનિક વાત દરમિયાન અમે તેમને સમજાવ્યા હતા કે, કોઈપણ રીતે ઉદ્દેશ્યને હાસલ કરી શકાય છે. ટ્રમ્પે અનુરોધ કર્યો છે કે, અમે હમાસ સાથે વાતચીત કરીએ અને આ પીસ પ્લાનને માનવા માટે તૈયાર કરીએ.

તમને જણાવી દઈએ કે, ઈજિપ્તમાં ઈઝરાયલ-હમાસ વાટાઘાટો દરમિયાન તૂર્કિયેના ઈન્ટેલિજન્સ ચીફ ઈબ્રાહિમ કાલિન પણ હાજર હતા. અગાઉ, હમાસે જણાવ્યું હતું કે, ટ્રમ્પની યોજના અંગે ઈજિપ્તમાં થઈ રહેલી વાટાઘાટો અંગે તેઓ આશાપૂર્ણ છે. હમાસે સ્વેપ ડીલ હેઠળ મુક્ત થનારા ઈઝરાયલી બંધકો અને પેલેસ્ટિનિયન કેદીઓની યાદી પણ સુપરત કરી હતી. પરંતુ હમાસે આ માટે કેટલીક શરતો મુકી છે સંગઠને સ્પષ્ટ કર્યુ છે કે, અમુક શરતો પૂર્ણ કર્યા વગર કરાર શક્ય નથી. ઈજિપ્તના શર્મ અલ-શેખમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે પરોક્ષ વાટાઘાટો થઈ. આ વાટાઘાટો ટ્રમ્પના ૨૦ પોઈન્ટ પ્લાન પર આધારિત છે, જેનો ઉદ્દેશ્ય ગાઝામાં કાયમી શાંતિ સ્થાપવાનો છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા બે વર્ષથી જંગ યથાવત છે. ગાઝાથી શરૂ થયેલી જંગની અસર મધ્યપૂર્વના બાકીના દેશો સુધી પણ પહોંચી છે. જેમાં ઈઝરાયલના હુમલામાં ગાઝા પૂરી રીતે તબાહ થઈ ગયું છે.

## ન્યૂઝ બ્રિફ

### હવે ભારત ઘરમાં ઘુસીને મારે છે, કોંગ્રેસે આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહી ન કરી

। (એજન્સી)નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૭ વર્ષ પહેલા થયેલા આતંકી હુમલાની વાત કરતાં કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહાર કર્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, મુંબઈ ભારતની આર્થિક રાજધાની હોવાની સાથે ભારતના વાઈબ્રન્ટ શહેરોમાનું એક છે. એટલા માટે વર્ષ ૨૦૦૮માં આતંકીઓએ મુંબઈ શહેર મોટા હુમલા માટે પસંદ કર્યુ હતુ. પરંતુ ત્યારે કોંગ્રેસ સરકાર સત્તામાં હતી, તે આતંકવાદ સામે શરણાગતિ સ્વીકારી. જ્યારે હવે ભારત ઘરમાં ઘુસીને મારે છે, કોંગ્રેસે આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહી ન કરી. વડાપ્રધાન મોદીના મતે, તાજેતરમાં કોંગ્રેસ શાસનકાળમાં દેશના ગૃહમંત્રી રહી ચૂકેલા નેતાએ ખુલાસો કર્યો હતો કે, વર્ષ ૨૦૦૮માં મુંબઈ હુમલા બાદ આપણી સેના પાકિસ્તાન પર હુમલો કરવા માટે તૈયાર હતી. પરંતુ અન્ય દેશના દબાણમાં કોંગ્રેસ સરકારે દેશની સેનાને પાકિસ્તાન સામે હુમલો કરવાથી રોક્યા હતા.

### આ માત્ર વ્યક્તિગત નહીં, ઝેરી વિચારધારાનો હુમલો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) બી.આર. ગવઈ પર એક વકીલ દ્વારા કરાયેલા જૂતા ફેંકવાના પ્રયાસની, તેમનાં ૮૪ વર્ષીય માતા કમલતાઈ ગવઈએ નિંદા કરી છે. તેમણે આ કૃત્યને ભારતીય બંધારણ પરનો સીધો હુમલો ગણાવ્યો. તેમણે સ્પષ્ટતા કરી કે, ભારતીય બંધારણ ભલે સૌને સમાન અધિકાર આપતું હોય, પરંતુ કાયદાને હાથમાં લેતું આવું અપમાનજનક વર્તન દેશમાં અરાજકતા ફેલાવી શકે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આ દેશમાં કોઈને પણ આવું કરવાનો અધિકાર નથી. આ ઘટના પર પ્રતિક્રિયા આપતાં તેમણે સૌને અપીલ કરી કે, પોતાના તમામ સવાલો અને મુદ્દાઓ શાંતિપૂર્ણ રીતે રજૂ કરવા જોઈએ. અમરાવતીમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન કમલતાઈએ જણાવ્યું હતું કે, કોઈએ કાયદાને પોતાના હાથમાં ન લેવો જોઈએ. આપણે સૌએ આપણી બંધારણીય સંસ્થાઓનું સન્માન જાળવી રાખવું જોઈએ.

# પાકિસ્તાની ગેંગનો ભોગ બન્યો ભારતીય પરિવાર, ઈરાન એરપોર્ટથી બંધક બનાવી ૮૦ લાખ પડાવ્યાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેનેડામાં વસવાટ કરવાના લોભમાં ઈરાન પહોંચેલા ધરમિન્દર સિંહ, તેમની પત્ની સંદીપ કૌર અને ૧૨ વર્ષના પુત્ર માટે છેલ્લા નવ દિવસ પંજાબના રાહોંના આ પરિવાર માટે ડરામણા સ્વપ્ન સમાન હતા. એક આંતરરાષ્ટ્રીય ગેંગે તેમનું અપહરણ કરીને ખૂબ જ ટોર્ચર કર્યું હતું, પરંતુ આખરે ૮૦ લાખની ખંડણી, જેમાં ૭૪.૫ લાખ રોકડા અને ઘરેણાંનો સમાવેશ થતો હતો, તે આપીને તેમને મુક્ત કરાવાયા. આ પરિવાર ૫ ઓક્ટોબરના રોજ સુરક્ષિત ભારત પાછો ફર્યો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ૪૩ વર્ષીય ખેડૂત ધરમિન્દર સિંહે કેનેડા જવા માટે પંજાબના એક એજન્ટ સાથે ૨૬ લાખમાં ડીલ કરી હતી, જેની ચુકવણી કેનેડા પહોંચ્યા પછી કરવાની હતી. એજન્ટે તેમને ભારતથી સીધા નહીં, પરંતુ ઈરાનના રસ્તે લઈ જવાનું કહ્યું હતું અને ત્યાં સુધીનો ખર્ચ પોતે ઉઠાવવાનો વિશ્વાસ આપ્યો હતો. ૨૫ સપ્ટેમ્બરના રોજ, આ પરિવાર તેહરાન એરપોર્ટ પહોંચ્યો. એજન્ટના કહેવા મુજબ, તેઓએ એરપોર્ટની અંદર જ રોકાવું હતું, પણ જ્યારે કોઈ તેમને લેવા ન આવ્યું, ત્યારે સમય થતાં તેઓ બહાર નીકળ્યા. સંદીપ કૌરના જણાવ્યા અનુસાર, એક સ્થાનિક એજન્ટના માણસે ફોન કરીને કહ્યું કે તેમને લેવા કોઈ આવશે. થોડી જ વારમાં એક ટેક્સી આવી અને એક વ્યક્તિએ પોતાને એજન્ટનો માણસ ગણાવ્યો. પરિવારે તે ટેક્સીમાં બેસીને, બે કલાકથી વધુ સમય સુધી એક સૂમસામ જગ્યાએ મુસાફરી કરી. ત્યાંથી આતંકનો સિલસિલો શરૂ થયો. ધરમિન્દર સિંહે જણાવ્યું, તેઓ પાકિસ્તાનથી હતા... તેમણે પહેલા મારા પતિને અને પછી મારા પુત્રને લઈ લીધા. સંદીપ કૌરે રડતાં રડતાં જણાવ્યું કે, અપહરણકર્તાઓએ તેમના પાસપોર્ટ અને ફોન છીનવી લીધા અને ધરમિન્દર સિંહ તથા તેમના પુત્રને અલગ રૂમમાં દોરડાથી બાંધી દીધા. આ સમયે ગેંગે ખુલાસો કર્યો કે તેઓ પાકિસ્તાન સાથે જોડાયેલા એક અંડરવર્લ્ડના લોકો છે અને તેમણે રૂ. ૧.૫ કરોડની ખંડણી માંગી. પરિવારે પંજાબમાં ધરમિન્દરના ભાઈ પરમજીતનો સંપર્ક કરાવ્યો અને ખંડણીની રકમ તેની પાસેથી જ માંગવામાં આવી. જોકે, પરમજીતે ભારતીય દૂતાવાસમાં ફરિયાદ કરી દીધી, જેની જાણ ગેંગને થઈ ગઈ. ધરમિન્દર સિંહના કહેવા મુજબ, ગેંગે તેમને જણાવ્યું કે દૂતાવાસમાંથી કોઈએ તેમને આ માહિતી આપી છે અને ત્યારબાદ તેમને બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા. ધરમિન્દર સિંહની વિનંતી બાદ ગેંગ ૧.૫ કરોડની જગ્યાએ ૮૦ લાખની ખંડણી લેવા તૈયાર થઈ ગઈ. આ રકમ ચૂકવવા માટે, પરિવારે પહેલા જલંધરના મિલાપ ચોક પર ગેંગના સાથીને ૪૦ લાખ આપ્યા. બાકીની રકમ ભેગી કરવા માટે, તેઓને પૂર્વજોની ૬ કનાલ જમીન વેચવી પડી અને સગાં-સંબંધીઓ પાસેથી ઉધાર લેવો પડ્યો. કુલ ૭૦ લાખ રોકડા આપ્યા પછી, ગેંગે પરિવાર પાસેથી સોનાના ઘરેણાં પણ છીનવી લીધા.

### પૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીનું નિવેદન

# આ તો અપમાન કહેવાય, રોહિતે રાજીનામું આપી દેવું જોઇએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા એક મોટો નિર્ણય લીધો છે, જેણે ચાહકોથી લઈને દિગ્ગજો સુધી તમામને હેરાન કરી દીધા છે. આ નિર્ણય રોહિત શર્માને કેપ્ટનશીપ પરથી હટાવીને શુભમન ગિલને ભારતની વન-ડે ટીમનો નવો કેપ્ટન બનાવવાનો રહ્યો છે. આ નિર્ણયની સાથે જ રોહિતની કેપ્ટનશીપની સફરનો અંત આવ્યો અને ગિલ યુગ શરૂ થઈ ગયો છે. રોહિત પાસેથી વન-ડે કેપ્ટનશીપ છીનવી લેવાના નિર્ણય અંગે સતત સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે હવે આ હિટમેનની કેપ્ટનશીપ છીનવી લેવાના મુદ્દે રોહિતના પૂર્વ સાથી અને પૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીનું નિવેદન સામે આવ્યું છે. તેણે કહ્યું તે, રોહિતે સંન્યાસ લઈ લેવો જોઈએ. વાસ્તવમાં પૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીએ રોહિત શર્માને પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે સંન્યાલ લેવા અંગે વિચારવાની સલાહ આપી છે. મનોજ તિવારીએ કહ્યું કે, મને નથી લાગતું કે, હવે રોહિત BCCIની યોજનામાં છે. હવે બધુ તેના પ્રદર્શન પર આધાર રાખે છે. જો હું રોહિતની જગ્યાએ હોત તો હું હવે નિવૃતિ અંગે વિચારતો હોત. રોહિત જેવા ખેલાડી સાથે આ પ્રકારનો વર્તન વ્યવહાર યોગ્ય નથી, આ તો તેનું અપમાન છે.' તિવારીનું માનવું છે કે, કેપ્ટન તરીકે રોહિતનો રેકોર્ડ તેને હટાવવાને લાયક નહોતો. તેણે કહ્યું કે, 'રોહિતે એક નહીં પણ બે ICC ટ્રોફી જીતી છે. ૨૦૨૩ વર્લ્ડ કપમાં તેણે ભારતને હાર્યા વિના ફાઈનલ સુધી પહોંચાડ્યું. તેના નામે પાંચ IPL ટાઈટલ છે. આટલી બધી સિદ્ધિઓ પછી તેની સાથે આ પ્રકારનો વ્યવહાર યોગ્ય નથી. તેણે જાતે જ રાજીનામું આપી દેવું જોઈએ જેથી કોઈ તેને બહાર કાઢે તે પહેલાં તે સન્માન સાથે નિવૃત્ત થઈ શકે.'

### Nobel Prize 2025

# સુસુમુ કિતાગાવા, રિચર્ડ રોબસન અને ઓમર યાઘીને કેમિસ્ટ્રીનો નોબેલ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

આ વર્ષે જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના ત્રણ વિજ્ઞાનીને કેમિસ્ટ્રીના સંયુક્ત નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત કરાઈ છે. રોયલ સ્વીડિશ એકેડમી ઓફ સાયન્સિસે ૮ ઓક્ટોબરના રોજ જાહેરાત કરી કે સુસુમુ કિતાગાવા, રિચર્ડ રોબ્સન અને ઉમર એમ. યાઘીને રસાયણશાસ્ત્રના નોબેલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમને આ સન્માન ડેવલપમેન્ટ ઓફ મેટલ ઓર્ગેનિક ફ્રેમવર્ક (MOFs) માટે તેમના યોગદાન બદલ એનાયત કરાશે.

૧૯૮૯માં, રસાયણ વિજ્ઞાન પુરસ્કાર વિજેતા રિચર્ડ રોબ્સનએ અણુઓના આંતરિક ગુણધર્મોનો એક નવી રીતે ઉપયોગ કરવાનો પ્રયોગ કર્યો હતો. તેમણે ધન વીજભારિત કોપર આયનોને એક ચતુર્ભુજ અણુ સાથે જોડ્યા. આ ચતુર્ભુજ અણુમાં એક રાસાયણિક સમૂહ હતો, જે દરેક બાજુના અંતે કોપર આયનો તરફ આકર્ષિત થતો હતો. જ્યારે આ બધા જોડાયા, ત્યારે તે એક સુવ્યવસ્થિત, વિશાળ સ્ફટિક (ક્રિસ્ટલ)નું નિર્માણ કરવા માટે બંધાઈ ગયા. આ રચના અસંખ્ય પોલાણથી ભરેલા હીરા જેવી હતી.

સુસુમુ કિતાગાવાએ દર્શાવ્યું કે ગેસ (વાયુ) આ સંરચનાઓની અંદર અને બહાર પ્રવાહિત થઈ શકે છે. તેમણે ભવિષ્યવાણી કરી કે મેટલ-ઓર્ગેનિક ફ્રેમવર્ક (MOFs)ને લચીલા (લવચીક) બનાવી શકાય છે. જ્યારે, ઉમર યાઘીએ એક ખૂબ જ સ્થિર MOF બનાવ્યું અને દર્શાવ્યું કે તેને તર્કસંગત ડિઝાઈનનો ઉપયોગ કરીને મોડિફાય કરી શકાય છે, જેનાથી તેને નવા અને ઈચ્છનીય ગુણધર્મો પ્રાપ્ત થઈ શકે છે. નોબેલ પુરસ્કારોની ઘોષણા ૬ ઓક્ટોબર, ૨૦૨૫ના સોમવારથી મેડિસિન (તબીબી ક્ષેત્ર)ના પુરસ્કાર સાથે શરૂ થઈ.


# ડ્રગ્સથી દૂર રહો, લિવ ઈન રિલેશન સમાજ માટે ખતરા સમાન છે

## યુપી રાજ્યપાલ આનંદીબેન પટેલે યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત સાતમા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી



। (એજન્સી) લખનૌ, તા.૯ ।

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને જનનાયક ચંદ્રશેખર યુનિવર્સિટીના ચાન્સેલર આનંદીબેન પટેલે મંગળવારે યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત સાતમા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. સમારોહમાં સંબોધિત કરતાં તેમણે યુવાનોમાં ડ્રગ્સ વ્યસન અને લિવ-ઈન રિલેશનશિપના વધતા વલણ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે છોકરીઓને ચેતવણી આપી કે તેઓ લોભામણી યોજનાઓમાં ન ફસાય અને ઉમદા લક્ષ્ય તરફ પોતાનું જીવન સમર્પિત કરે. દીક્ષાંત સમારોહની શરૂઆત મંત્રો જાપથી કરવામાં આવી હતી. દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં તેમણે કહ્યું હતું કે, યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની ૭૫% હાજરી હોવી જોઈએ. જો તે ૭૫% સુધી નહીં પહોંચે, તો તેઓ પરીક્ષાઓ રદ કરશે. તેમણે તેમના શિક્ષણ વિશે વાત કરતાં કહ્યું કે, 'હું એ સમયે સ્કૂલમાં ૧૦ કિલોમીટર ચાલીને જતી હતી. વધુમાં એ સમયે પગમાં પહેરવા અમારી પાસે જૂતા પણ નહોતા. સરદાર વલ્લભભાઈ પટેલ ૪૦ કિલોમીટર ચાલીને ભણવા જતા હતા. તેમનું એકમાત્ર ધ્યેય વકીલ બનવાનું અને દેશમાં પોતાનું નામ બનાવવાનું હતું.' રાજ્યપાલે યુવાનોમાં ડ્રગ્સ વ્યસન અને લિવ-ઈન રિલેશનશિપના વધતા વલણ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને સલાહ આપી કે તેઓ લલચાવનારી યોજનાઓથી સાવધાન રહે તેમજ ઉમદા લક્ષ્યો માટે પોતાનું જીવન સમર્પિત કરે. રાજ્યપાલે કહ્યું કે, બે છાત્રાલયો વચ્ચેની ખાલી જગ્યામાં દારૂની બોટલો અને ડ્રગ્સ જોવા મળ્યું જે ખૂબ જ ગંભીર અને ચિંતાજનક મુદ્દો છે. કેન્દ્ર સરકાર નશા મુક્ત આંદોલન ચલાવી રહી છે, જ્યારે બીજી તરફ યુવાનો વ્યસની બની રહ્યા છે.



ઓસ્ટ્રેલિયાના કેનબેરામાં એક બેઠક દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ (મધ્યમાં) ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ (ડાબે) સાથે.

# ગાયને બચાવવા જતાં માલગાડીના ૩૬ ડબા પાટા પરથી ઉતરી ગયા

। (એજન્સી) સીકર, તા.૯ ।

રાજસ્થાનના સીકરના શ્રીમાધોપુર વિસ્તારમાં એક ગંભીર દુર્ઘટનાના સમાચાર છે. શ્રીમાધોપુર ન્યૂ રેલવે સ્ટેશન નજીક, ફુલેરાથી રેવાડી જતી માલગાડીના ૩૬ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. આ અકસ્માતમાં ઘણા ડબ્બાઓ એકબીજા પર ચઢી જતાં, રેલવે ટ્રેક સંપૂર્ણપણે બંધ થઈ ગયો. રેલવે અધિકારીઓ અને પોલીસની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.

રેલવે કર્મચારીઓ હાલમાં ડબ્બાઓને હટાવવાનું કામ કરી રહ્યા છે, જેના કારણે આ ટ્રેક પર હાલમાં ટ્રેન અવરજવર બંધ છે. રેલવે પ્રશાસને મુસાફરો અને સ્થાનિકોને ટ્રેક પર ન જવાની અને અધિકારીઓના નિર્દેશોનું પાલન કરવાની વિનંતી કરી છે. રાહત અને બચાવ કાર્ય ચાલુ, જાનહાનિના કોઈ સમાચાર નથી. દુર્ઘટનાના કારણ અને ડબ્બાઓના નુકસાનનું આંકલન હજી ચાલુ છે.

દુર્ઘટનાની જાણ થતાં જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને તકનીકી ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે ધસી ગયા. આખી રાત રાહત અને બચાવ કામગીરી ચાલુ રહી, જેમાં રેલવે કર્મચારીઓએ પાટા પરથી ઉતરેલા ડબ્બાઓને હટાવવા માટે ક્રેન અને ભારે મશીનરીનો ઉપયોગ કર્યો. સંતોષની વાત એ છે કે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે દુર્ઘટનાના ચોક્કસ કારણોની તપાસ હજુ ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કારણ જાણી શકાયું નથી.

આ દુર્ઘટનાના પરિણામે, રીંગસ-શ્રીમાધોપુર કોરિડોર પરનો રેલ વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. ઘણી ટ્રેનોનું સંચાલન રદ કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય કેટલીકને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવી છે. રેલવે અધિકારીઓએ માહિતી આપી છે કે કાટમાળ હટાવવામાં કેટલાક કલાકોનો સમય લાગી શકે છે, જેના પછી જ સમારકામનું કામ શરૂ થઈ શકશે. સ્થાનિક પ્રશાસન પણ ઘટનાસ્થળે હાજર રહીને સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. સીકર-શ્રીમાધોપુર દુર્ઘટનામાં માલગાડીના કુલ ૩૬ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે અને તેમાંથી મોટાભાગનાને નુકસાન થયું છે. કેટલાક ડબ્બાઓમાં ચોખા ભરેલા હતા, જેને હાલમાં ખાલી કરવામાં આવી રહ્યા છે. દિલ્હી-મુંબઈ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સંપૂર્ણપણે બંધ છે અને ડબ્બાઓ હટાવવાનું કામ ચાલુ છે. ઉત્તર પશ્ચિમ રેલવે (NWR)ના જયપુર ઝોનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) રવિ જૈન અને દિલ્હી-મુંબઈ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના મેનેજર પ્રવીણ કુમારે જણાવ્યું કે રાહત અને સમારકામનું કાર્ય ચાલુ છે.

### સીઆઇડી ક્રાઇમમાં યુવક અને યુવતી સામે ફરિયાદ બાદ તપાસ શરૂ

# ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયાના વર્ક પરમીટ વિઝાના બહાને ૧૮.૬૫ લાખની ઠગાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયાના વર્ક પરમીટ વિઝા આપવાના બહાને યુવક સાથે ૧૮.૬૫ લાખની ઠગાઈ કરી હોવાની ફરિયાદ સીઆઈડી ક્રાઈમમાં નોંધાતા પોલીસે તપાસ આદરી છે. નોંધનીય છે કે, પહેલાં ન્યુઝીલેન્ડના વિઝા અપાવા કહ્યું, પછી યુવતીએ ઓસ્ટ્રેલિયા વિઝાના બહાને ઠગ્યો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ આદરી છે. ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આકાશ હર્ષદકુમાર પટેલ પરિવાર સાથે રહે છે અને ખાનગી કંપનીમાં ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે. આકાશ સાથે સુમનભાઇ સુથાર કામ કરતા હતા. સુમનભાઈએ વર્ક પરમીટ પર વિદેશ જવા મામલે વાતચીત કરી હતી. જેથી સુમનભાઈએ તેમના મિત્ર દક્ષ કૈલાશગીરી ગોસ્વામીનો નંબર આપ્યો હતો. જેથી ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ દક્ષ સાથે વાત કરી હતી. જેથી તેણે પ્રહલાદનગર ખાતે તેની ઓફિસે મળવા બોલાવ્યો હતો. આકાશ ત્યાં જતા તેની પ્રોફાઈલ દક્ષે ચેક કરી હતી. બાદમાં તેણે વર્ક પરમીટ વિઝા ન્યૂઝીલેન્ડ ખાતે ચાલુ હોવાથી ફાઈલ કરતા વિઝા મળી જશે તેમ કહી ૧૭ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ એક એમઓયુ એગ્રીમેન્ટ તૈયાર કર્યુ હતું. વિઝા માટે પૈસા પણ નક્કી કર્યા હતા. ૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ એમઓયુ થયા અંગે ખાનગી કંપનીનો ઓફર લેટર આપ્યો હતો અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વિઝા કન્ડિશન તથા અન્ય માહિતી પણ આપવામાં આવી હતી અને ટૂંક સમયમાં વિઝા આવી જશે, જવાની પ્રોસેસ ચાલુ કરો તેમ કહેવામાં આવ્યું હતું. પછી આકાશ વિઝાની ઈન્કવાયરી માટે દક્ષની ઓફિસે જતો હતો ત્યારે વિઝાની ફાઈલ ફોલઓપ માટે સુરત ખાતે ઓફિસ ધરાવતી આરોહી પટેલને આપી હોવાનું જણાવ્યું હતું અને તેનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો. જુલાઇ ૨૦૨૪માં આકાશે આરોહીને ફોન કરતા તેણે જણાવ્યું હતું કે, ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ માટે કોઈ પ્રોસેસ આગળ વધી રહી નથી. પરંતુ એક તક આપો તો ઓસ્ટ્રેલિયાની નવી ફાઈલ શરૂ કરીએ. જેથી આકાશે જણાવ્યું હતું કે, ન્યુઝીલેન્ડના વિઝા માટે પહેલાં જ પૈસા આપ્યા છે હવે નવી ફી આપવી પડશે. ત્યારે આરોહીએ જણાવ્યું હતું કે, તમે જેટલી રકમ ચૂકવી છે તે જ રકમમાં હું ઓસ્ટ્રેલિયાના વર્ક પરમીટ વિઝા ફાઈલ કરાવી આપીશ. પછી જાન્યુઆરી ૨૦૨૫માં પી.ટી. પરીક્ષા અપાવી હતી.

### વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાનો આક્ષેપ

# અમદાવાદ ના દસક્રોઈ PTC કોલેજમાં એડમિશનના નામે ભ્રષ્ટાચાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

રાજ્યની PTC કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાને લઈને ગંભીર ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો સનસનીખેજ આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. તેમણે ખાસ કરીને અમદાવાદની દસક્રોઈ વિસ્તારમાં આવેલી એક કોલેજને નિશાન બનાવીને આ 'સીટ વેપલા'નો પર્દાફાશ કરવાનો દાવો કર્યો છે. યુવરાજસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, અમદાવાદની દસક્રોઈ સ્થિત કુશાગ્ર લતાબા સ્ત્રી મંદિર PTC કોલેજ સામે સીધા આક્ષેપો મૂકવામાં આવ્યા છે. આ PTC સંસ્થામાં એડમિશન આપવાના નામે વિદ્યાર્થીઓ પાસેથી અંદાજે ૨ લાખ સુધીની માતબર રકમની માંગણી કરવામાં આવી રહી છે. આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે કોલેજના ટ્રસ્ટીઓ દ્વારા ખુલ્લેઆમ એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ લાંચની રકમ છેક શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચે છે. ટ્રસ્ટી વર્મા નામના વ્યક્તિએ એવો પણ દાવો કર્યો છે કે, "એક લાખ રૂપિયા તો સીધા શિક્ષણ સચિવ મુકેશ કુમાર સુધી પહોંચે છે." આ ઉપરાંત, લોકમાન્ય B.Ed. કોલેજ, શિવરંજનીના ગૌરાંગ પરમાર સુધી પણ રકમ પહોંચતી હોવાનો આક્ષેપ આ ટ્રસ્ટી દ્વારા કરવામાં આવ્યો છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય, તો રાજ્યના શિક્ષણ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારના મૂળ કેટલા ઊંડા છે તે સ્પષ્ટ થાય છે.ભ્રષ્ટાચારના આક્ષેપોની સાથે-સાથે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે ઉત્તર બુનિયાદી વિદ્યાર્થીઓને PTCમાં એડમિશન ન મળી શકે તેવો "તુઘલખી નિર્ણય" લેવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જાડેજાએ સવાલ ઉઠાવ્યો છે કે, પહેલા વિદ્યાર્થીઓને એડમિશન આપી દેવામાં આવે છે અને પછી અંતિમ સમયે ઉત્તર બુનિયાદીનું બહાનું કાઢીને તેમને પ્રવેશથી વંચિત કરવામાં આવે છે. તેમણે સ્પષ્ટપણે પૂછ્યું છે કે, જો નિયમો બધા માટે સરખા છે, તો માત્ર ઉત્તર બુનિયાદીમાંથી આવેલા વિદ્યાર્થીઓને જ શા માટે અન્યાય કરવામાં આવી રહ્યો છે?આ સંપૂર્ણ મામલો હવે રાજ્યના શિક્ષણ જગતમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. સત્તાવાળાઓ આ આક્ષેપોની ગંભીરતાથી નોંધ લઈને નિષ્પક્ષ તપાસ કરાવે છે કે કેમ, તે જોવું રહ્યું.

## મકાનમાં ત્રીજા માળે રસોડામાં ગેસ સિલિન્ડર લીકેજ બાદ બ્લાસ્ટ

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતના પુણા વિસ્તારમાં આવેલી વિક્રમનગર સોસાયટીમાં આજે સવારે એક ગંભીર ઘટના બની હતી. સોસાયટીના એક મકાનમાં ત્રીજા માળે રસોડામાં ગેસ સિલિન્ડર લીકેજ થયા બાદ જોરદાર બ્લાસ્ટ થયો હતો, જેના પગલે આસપાસના વિસ્તારમાં ગભરાહટ ફેલાઈ ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, ગેસ લીકેજ થયા બાદ અચાનક વિસ્ફોટ થતાં રૂમની ઉપરની છત અને સાઈડની દીવાલો ગંભીર રીતે તૂટી પડી હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો ભયભીત થઈ ગયા હતા. આ સમગ્ર ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટનાનો LIVE વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં વિસ્ફોટની તીવ્રતા અને તેના કારણે થયેલા નુકસાનની ભયાનકતા જોઈ શકાય છે. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને અન્ય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં પોલીસે પણ સ્થળ પર પહોંચીને સમગ્ર ઘટના અંગે વધુ તપાસ શરૂ કરી છે. ઘટના અંગેની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને રાહત તથા બચાવની કામગીરી શરૂ કરી હતી. જોકે, ફાયરના જવાનો જ્યારે કામગીરી કરી રહ્યા હતા, તે જ દરમિયાન સિલિન્ડરનો બીજો વિસ્ફોટ થયો હતો.

## કોઈનું લાઈસન્સ બતાવી ગઠિયાએ ડ્રાઈવર બનીને ૩૬ લાખનો માલ લઈ ગયો

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

અસલાલીના ટ્રાન્સપોર્ટર સાથે એક ગઠિયાએ વિચિત્ર પ્રકારની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ટ્રાન્સપોર્ટરે વાપી અને ભીવંડી માલ મોકલવા માટે દલાલ થકી ટ્રક બૂક કરાવી હતી. માલ લેવા આવનારા શખ્સે કોઈ ડ્રાઈવરનું લાઇસન્સ બતાવીને ડ્રાઈવરની ખોટી ઓળખ આપીને ૩૬.૪૬ લાખનો માલ લઈને નીકળી ગયો હતો. નિયતસ્થળે માલ ન પહોંચતા આ નકલી ડ્રાઈવરની કરતૂતનો પર્દાફાશ થયો હતો. નારોલમાં રહેતા જસબીર નહેરા અસલાલીના જામનગર એસ્ટેટમાં આવેલા ટ્રાન્સપોર્ટમાં મેનેજર છે. ટ્રાન્સપોર્ટરને તા.૨૫મીએ વાપી અને ભીવંડી ખાતે કાપડના રોલ તથા ગાંઠોનો ઓર્ડર મળ્યો હતો. જે માલ મોકલવા માટે તેમણે ૧૧ હજારના ભાડાથી ટ્રક બૂક કરાવી હતી. ટ્રક લઈને ડ્રાઈવર સંજય યાદવ આવ્યો હતો અને ૧૬૯ કાપડના રોલ અને ગાંઠો ભરીને ડિલિવરી માટે નીકળી ગયો હતો. બીજા દિવસે નિયત જગ્યાએ માલ ન પહોંચતા જસબીરભાઈએ ડ્રાઈવરને ફોન કરતા તેનો ફોન બંધ આવ્યો હતો. જેથી ટ્રક આપનાર બ્રોકરને ફોન કરતા તેણે ટ્રક માલિકને ફોન કરતા ડ્રાઈવરની તબિયત ખરાબ હોવાથી તે સુરતમાં સારવાર હેઠળ હોવાની જાણ થઈ હતી. બીજા દિવસે પણ માલ ન પહોંચતા ડ્રાઈવરને ફોન કરીને ઍજી ટ્રેક કરીને જસબીરભાઈએ પાંચ માણસો રવાના કર્યા હતા. ત્યારે કીમ ચોકડી પાસેથી ગાડી મળી હતી પરંતુ માલ ગાયબ હતો. જેથી સંજય યાદવ નામના લાઈસન્સની તપાસ કરતા માલ ભરી જનાર વ્યક્તિ અને લાઈસન્સ વાળો વ્યક્તિ અલગ હોવાનું સામે આવ્યું હતું.

### રાજકોટમાં ૩૨ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો

# TRB જવાન સહિત ચાર આરોપીની ધરપકડ કરાઈ

**રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓને રોકવા માટે ગૃહમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ CID ક્રાઇમ અને રેલ્વેઝ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.**



। રાજકોટ, તા.૯ ।

રાજકોટના પદ્યુમન નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી રૂ. ૩૨ લાખની લૂંટનો મામલો પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. આ લૂંટના બનાવમાં સંડોવાયેલા ટ્રાફિક શાખાના TRB જવાન સહિત કુલ ૪ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી રૂ. ૨૧ લાખ પણ કબ્જે કર્યા છે. આ અંગે એસીપી રાધિકા ભારાઈએ નિવેદન આપતા જણાવ્યું હતું કે ફરિયાદી સંજય પંડ્યા પાસે કપાસની ગાંસડીઓ ખરીદવા માટેના રૂ. ૩૨ લાખ હતા. રેસકોર્સ ગાર્ડન નજીક જ્યારે ફરિયાદી તેમના એક્સેસ વાહન પર હતા, ત્યારે બે વ્યક્તિઓ તેમની પાસે આવ્યા હતા. આ પૈકી મુખ્ય આરોપી શાહબાઝ મોટાણીએ પોતે પોલીસ હોવાની ઓળખ આપી હતી. આરોપીઓએ ફરિયાદીને આ થેલો કોનો છે? તેમ કહીને તેમની સાથે ઝપાઝપી કરી હતી અને માર માર્યો હતો. ત્યારબાદ આ બે વ્યક્તિઓએ લૂંટને અંજામ આપ્યો હતો. એટલું જ નહીં, અન્ય બે આરોપીઓએ ફરિયાદીને બે કલાક સુધી ફેરવ્યા હતા અને માર માર્યો હતો. લૂંટની ઘટનાની જાણ થતાં જ પીઆઈ વી.આર. વસાવા સહિતની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને ગણતરીની કલાકોમાં જ આ સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં મુખ્ય આરોપી અને ટ્રાફિક શાખામાં TRB જવાન તરીકે ફરજ બજાવતા શાહબાઝ મોટાણી તેમજ તેના સાથીદારો દાનિશ શેખ, અતિસ સુમરા અને મહેશ વાઘેલાની ધરપકડ કરી છે. તેમની પાસેથી લૂંટના રૂ. ૩૨ લાખમાંથી રૂ. ૨૧ લાખની રકમ કબ્જે કરવામાં આવી છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ રાજકોટમાંથી સામે આવેલી લૂંટની ઘટનાથી પોલીસ તંત્રમાં હડકંપ મચી ગયો હતોય ત્રણ શખ્સોએ વેપારીને પોલીસની ઓળખ આપીને ૩૨ લાખની લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. મોડીરાત્રે રેસકોર્સ પાસે આવેલા લવગાર્ડન નજીક વેપારીને TRB જવાન સહિતની આ નકલી પોલીસની ટોળકીએ લૂંટ્યો હતો, પહેલા વેપારીને માર માર્યો અને બાદમાં લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતા. કમિશન વેપારીનો ધંધો કરતા સમીર પંડ્યા સાથે લૂંટ થઈ હતી. TRB જવાન શાહબાઝ મોટાણી સહિત ૪નું કારસ્તાન સામે આવતા પદ્યુમનનગર પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે, એક TRB જવાન સહિત ૪ આરોપીઓ સકંજામાં છે અને ૩૨ લાખ પૈકી ૨૧ લાખ રોકડા પોલીસે કબજે કર્યા છે, આખી રાત ચારેય આરોપીઓની પૂછપરછ કરાઇ છે. હાલમાં આ સમગ્ર મામલે પોલીસ આગળ શોધખોળ અને તપાસ કરી રહી છે. રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓને રોકવા માટે ગૃહમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ TRB ક્રાઈમ અને રેલ્વેઝ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે, ગાંધીનગરની સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સે એક અત્યંત સંગઠિત ઠગ ગેંગના ત્રણ મુખ્ય સભ્યોને અમદાવાદમાંથી પકડી પાડ્યા છે. આ ટોળકીની મોડસ ઓપરેન્ડી (કાર્યશૈલી) લોકોને TRAI (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ના અધિકારીઓ અથવા પોલીસ અધિકારીઓ તરીકે ખોટી ઓળખ આપીને ડરાવી-ધમકાવવાની હતી.

### સુરતમાં બનેવી બન્યો હત્યારો!

# સાળી સાથે જ લગ્ન કરવાની જીદમાં ખેલાયો લોહિયાળ જંગ!

### યુપીથી ખરીદી કરવા આવેલા સાળા-સાળીની કરી હત્યા, તો સાસુને પણ છરી મારતા ગંભીર રીતે ઘાયલ

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતના ઉધના વિસ્તારના પટેલનગર માં એક અત્યંત ચોંકાવનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે, જેમાં એક બનેવીએ પોતાની જ સાળી સાથે લગ્ન કરવાની જીદમાં બે નિર્દોષની હત્યા કરી નાખી છે અને તેની સાસુને પણ ગંભીર રીતે ઘાયલ કરી છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

પ્રાથમિક માહિતી અનુસાર, હત્યારો બનેવી સંદીપ ગોડ પોતાની જ સાળી મમતા અશોક કશ્યપ સાથે લગ્ન કરવા માગતો હતો. આ બાબતને લઈને ઘરમાં લાંબા સમયથી વિવાદ ચાલતો હતો. મૃતક નિશ્ચય અશોકભાઈ કશ્યપ (ઉંમર ૩૦) તેની બહેન મમતા અને માતા સાથે ઉત્તર પ્રદેશ (યુપી) થી ખરીદી કરવા માટે સુરત આવ્યા હતા અને તેઓ બનેવી સંદીપના ઘરે રોકાયા હતા. શુક્રવારે, બનેવી સંદીપ ગોડે ફરીથી સાળી સાથે લગ્ન કરવાની માગણી કરી હતી. આ માગણીને પગલે ઘરમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે સંદીપ ઉશ્કેરાઈ ગયો અને તેણે આ ભયાનક હત્યાકાંડને અંજામ આપ્યો. ગુસ્સે ભરાયેલા સંદીપ ગોડે સૌપ્રથમ તેની સાળી મમતા પર ચપ્પુના ઘા ઝીંક્યા હતા. મમતાને પેટના ભાગે છરીના ઘા મારતા તેનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. ત્યારબાદ સંદીપે સાળા નિશ્ચય અશોક કશ્યપને પણ નિશાન બનાવ્યો. નિશ્ચયને ગળા અને પીઠના ભાગેછરીના ઘા મારીને હત્યા નિપજાવી હતી. આ ભાઈ-બહેનને લોહી લુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ડોક્ટરોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. આ હુમલામાં વચ્ચે પડનાર સાસુને પણ સંદીપ ગોડે છરી મારી હતી, જેના કારણે તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે અને હાલ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ છે. આ ડબલ મર્ડરની ઘટનાની જાણ થતાં જ સુરત પોલીસનો ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો, જેમાં જોઈન્ટ પોલીસ કમિશનર, ડીસીપી અને પીઆઈ સહિતના અધિકારીઓનો સમાવેશ થતો હતો.

# એક તરફી પ્રેમીએ સગીરાનું અપહરણ કરી ગળા-કાંડા પર ચપ્પુના ઘસરકા કર્યા



। સુરત, તા.૯ ।

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં એકતરફી પ્રેમમાં પાગલ બનેલા યુવકે ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરીને તેની સાથે સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું. આ દરમિયાન યુવકે સગીરાના ગળા અને કાંડા પર ચપ્પુના ઘસરકા પણ કર્યા હતા. જોકે, સગીરાની હિંમતના કારણે તે યુવકની ચુંગાલમાંથી છૂટકારો મેળવવામાં સફળ રહી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતી આ ૧૬ વર્ષીય સગીરા સવારે શાળામાં પરીક્ષા આપીને ઘર તરફ આવી રહી હતી. આરોપી ચેતન રમેશ હડેત્રા (ઉર્ફે કાનો) છેલ્લા દોઢેક મહિનાથી આ સગીરાને પ્રેમનો પ્રસ્તાવ મોકલતો હતો. શરૂઆતમાં સગીરા પણ તેના પ્રત્યે આકર્ષાઈ હતી, પરંતુ તેની માતાએ સમજાવતાં સગીરાએ આ સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું. આરોપી ચેતન, તેના મિત્ર સાથે બાઇક પર આવ્યો હતો અને સગીરાને 'અગત્યની વાત કરવી છે' તેમ જણાવી તેનું અપહરણ કરીને નહેરવાળા રસ્તે મેલડી માતાના મંદિર તરફ લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરાને પોતાની સાથે સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું. જ્યારે સગીરાએ ઈનકાર કર્યો, ત્યારે ચેતને તેને ડરાવવા માટે ચપ્પુ વડે તેના ગળા અને કાંડા પર ઘસરકા કર્યા હતા. યુવકના આ હિંસક પ્રયાસો સામે સગીરા ડરી જવાને બદલે તેણે હિંમતથી તેનો સામનો કર્યો હતો. તેણે તાત્કાલિક પોતાની હાજરબુદ્ધિનો ઉપયોગ કર્યો અને રોડ વચ્ચે બેસી જઈને કહ્યું કે, "તું મને મારી નાંખશે તો તારું જ નામ આવશે." સગીરાની આ યુક્તિ અને જાહેરમાં રોડ વચ્ચે બેસી જવાથી આરોપી ચેતન ગભરાઈ ગયો હતો અને તેના માથા પરથી પ્રેમનું ભૂત ઉતરી ગયું હતું. તે ગભરાટમાં સગીરાને સોસાયટીના નાકે પરત ઉતારીને તેના મિત્ર સાથે ભાગી ગયો હતો. આ ઘટના બાદ સગીરાએ પોલીસનો સંપર્ક કર્યો હતો. કાપોદ્રા પોલીસે આ બનાવ અંગે ગંભીરતાથી કાર્યવાહી હાથ ધરીને આરોપી ચેતન ઉર્ફે કાના વિરુદ્ધ અપહરણ, છેડતી તેમજ પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ બનાવમાં સગીરાની હિંમત અને સમયસૂચકતાના પગલે તે મોટી દુર્ઘટનામાંથી બચી ગઈ છે.

## બહિયલમાં તોફાની તત્વોના ગેરકાયદે દબાણો તોડી પડાયા, નવરાત્રિમાં હિંસા બાદ

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

ગાંધીનગરના દહેગામના બહિયલમાં પોલીસ અને તંત્ર ગુરૂવારે દ્વારા ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરની કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, આ કાર્યવાહી નવરાત્રિ દરમિયાન બીજા નોરતાની રાત્રે થયેલી હિંસાના ભાગરૂપે કરવામાં આવી છે. નોંધનીય છે કે, નવરાત્રિના બીજા નોરતે રાત્રિ બહિયલ ગામમાં સોશિયલ મીડિયા પોસ્ટને લઈને બે જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. ગરબાના કાર્યક્રમ દરમિયાન પથ્થરમારાની ઘટના થઈ હતી અને બાદમાં રોષે ભરાયેલા ટોળાએ ચાર દુકાનોમાં આગ ચાંપી દીધી હતી. આ હિંસા દરમિયાન પોલીસે કાર્યવાહી કરી તો ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. પોલીસે ભારે જહેમત બાદ મામલો થાળે પાડ્યો હતો અને બાદમાં ૮૩ લોકો સામે નામજોગ અને આશરે ૨૦૦ જેટલાં અજાણ્યા તત્ત્વો સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે અત્યાર સુધીમાં ૬૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હવે આ મામલે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે.

## કચ્છમાં વાગડના રતનપર નજીક પાકિસ્તાની 'પ્રેમી યુગલ' ઝડપાયું , પંછી નદિયા પવન કે ઝોકે, કોઈ સરહદ ના ઈન્હે રોકે

। ભુજ, તા.૯ ।

વર્ષ- ૧૯૯૯માં કચ્છના સરહદી વિસ્તારમાં રેફ્યુજી ફિલ્મનું નિર્માણ કરાયું હતું જેમાં અભિનેતા પોતાની પ્રેમિકાને મળવા માટે પાકિસ્તાનથી સરહદ ઓળંગીને અવારનવાર કચ્છ આવી પહોંચતો હોય છે. રેફ્યુજી ફિલ્મનું 'પંછી નદિયા પવન કે ઝોકે, કોઈ સરહદ ના ઈન્હે રોકે..' ગીત જાણીતું બન્યું હતું. પ્રેમ કોઈપણ પ્રકારની સરહદ પણ ઓળંગાવી શકે છે તેવી ઘટના આજે વધુ એક વખત કચ્છમાંથી બહાર આવી છે. પાકિસ્તાનમાં રહેતું પ્રેમી યુગલ ભારત- પાકિસ્તાનની સરહદને ઓળંગી દોઢ દિવસ ડુંગર પરથી પસાર થઈને વાગડ પંથકના મુખ્ય મથક રાપર ગામ નજીક રતનપરમાં આવી પહોંચ્યું હતું. જો કે, સ્થાનિક જાગૃત લોકોએ બુધવારે સવારે ભાષા શંકાસ્પદ જણાતાં પોલીસને જાણ કરી હતી. ખડીર પોલીસે પ્રેમીયુગલની પૂછપરછ અને તબીબી તપાસણી હાથ ધરી છે.રતનપર ગામના જંગલ વિસ્તારમાં આવેલા સાંગવારી માતાજીના મંદિર પાસે આવેલા તળાવ પાસે શંકાસ્પદ લાગતા આ યુગલની જાણ લાકડા કાપવાનું કામ કરતા શ્રમજીવીઓને થતાં તેમણે રતનપર ગામના સરપંચને કરી હતી. સરપંચે આ અંગે ખડીર પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ, એસઓજી સહિત સુરક્ષા એજન્સીઓ સ્થળ પર આવીને તપાસ કરતા માલુમ પડયું હતું કે, આ શંકાસ્પદ પ્રેમી યુગલ મુળ પાકિસ્તાનનું છે. પુછપરછ દરમિયાન પ્રેમી યુગલે પાકિસ્તાનના થરપારકર જિલ્લાના ઈસ્લામકોટ તાલુકાના લસરી ગામના શિવ મંદિર પાસે રહેતા હોવાનું કબુલ્યું હતું. પ્રેમીનું નામ તોતો ઉર્ફે તારા તેમજ પ્રેમિકા મીના ઉર્ફે પુજા બહાર આવ્યું છે. ખડીર પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. વી.એ. ઝા એ જણાવ્યું હતું કે, પાકિસ્તાનના થરપારકરનું રહેવાસી પ્રેમી યુગલ રાતોરાત સરહદ ઓળંગીને આવ્યું છે. હાલમાં બંનેની પુછપરછ ચાલી રહી છે અને સુરક્ષા એજન્સીઓ દ્વારા વધુ પુછપરછ કરવામાં આવી રહી છે.

